

સાધુ સુંદર સિંગ

# વાસ્તવિકતા તથા ધર્મ

7BGV2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# વાસ્તવિકતા તથા ધર્મ

લેખક

**સાધુ સુંદર સિંગ**

અનુવાદક

**ડૉ. હેમીલ્ટન સત્વેદી**

ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ
[ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટી ]
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ – અમદાવાદ. ૩૮૦ ૦૦૬

**REALITY AND RELIGION**
**Originally Published by**
**Christian Literature Society**
**Madras-3**

**વાસ્તવિકતા તથા ધર્મ**

પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી, ૧૯૮૦

નકલ ૨,૦૦૦

**મૂલ્ય રૂા. ૨-૦૦**

પ્રકાશક
ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ – અમદાવાદ. ૩૮૦ ૦૦૬

●

મુદ્રક
રાકેશ કાંતિલાલ દેસાઈ
ચંદ્રિકા પ્રિન્ટરી,
મીરજાપુર, અમદાવાદ-૧

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | આમુખ | v |
| | પ્રસ્તાવના | vii |
| | પરિચય | viii |
| ૧. | ઉત્પત્તિનો હેતુ | ૧ |
| ૨. | અવતાર | ૨ |
| ૩. | પ્રાર્થના | ૩ |
| ૪. | મનન | ૮ |
| ૫. | ભવિષ્યનું જીવન | ૧૨ |
| ૬. | નવો જન્મ | ૧૨ |
| ૭. | પ્રેમ | ૧૪ |
| ૮. | વિચાર અને ચેતના | ૧૫ |
| ૯. | તત્ત્વજ્ઞાન અને આંતરજ્ઞાન | ૧૬ |
| ૧૦. | સંપૂર્ણતા | ૧૮ |
| ૧૧. | વાસ્તવિક પ્રગતિ અને સફળતા | ૨૦ |
| ૧૨. | વધસ્તંભ | ૨૧ |
| ૧૩. | સ્વતંત્ર ઇચ્છા | ૨૩ |
| ૧૪. | સ્વાસ્થ્યના નિયમો | ૨૫ |
| ૧૫ | અંતઃકરણ | ૨૫ |
| ૧૬. | પરમેશ્વરની આરાધના | ૨૬ |
| ૧૭. | વાસ્તવિકતાની શોધ | ૨૮ |

| | |
|---|---|
| ૧૮. પસ્તાવો અને તારણ | ૩૧ |
| ૧૯. મૂળ પાપ | ૩૩ |
| ૨૦. વેદાન્ત અને સર્વેશ્વરવાદ | ૩૫ |
| ૨૧. પ્રભુ ઈસુ આપણો આશ્રય | ૩૫ |
| ૨૨. શત્રુઓ : નાના–મોટા | ૩૬ |
| ૨૩. ‘પૃથ્વી ઉપર પરદેશી અને પ્રવાસી’ | ૩૮ |
| ૨૪. વિશ્વાસ અને શુદ્ધતા | ૪૦ |
| ૨૫. પ્રભુ ઈસુનું પ્રકટીકરણ | ૪૧ |
| ૨૬. નમ્રતા | ૪૨ |
| ૨૭. સમય અને અનંતકાળ | ૪૩ |

# આમુખ

સાધુ સુંદર સિંગે પોતાના જીવનકાળ દરમ્યાન લખેલ કુલ આઠ પુસ્તિકાઓમાંથી જેનું હજુ ગુજરાતી ભાષામાં પ્રકાશન થયું નથી તે તમામ પુસ્તિકાઓનો ગુજરાતી ભાષામાં અનુવાદ બહાર પાડવાનો ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીએ જે નિર્ણય કર્યો છે તે હારમાળાની એક વધુ પુસ્તિકાનું પ્રકાશન બહાર પાડતાં આનંદ અનુભવીએ છીએ. આ પુસ્તિકા સાથે હવે આઠ પૈકી ૭ પુસ્તિકાઓનો ગુજરાતી અનુવાદ ટ્રાકટ સોસાયટી મારફતે ઉપલબ્ધ બનશે. સાધુ સુંદર સિંગના ચાહકો અને તેમનાં પ્રકાશનોમાં રસ ધરાવનાર વાચકોને આ પુસ્તિકા જરૂર આનંદ પમાડશે. હવે બાકી રહેલી બે પુસ્તિકાઓનું ગુજરાતી રૂપાંતર પણ ટૂંક સમયમાં જ હાથ ધરવામાં આવી રહ્યું છે, અને યોગ્ય સમયે તેની પણ જાહેરાત કરવામાં આવશે.

આ પુસ્તિકામાં સાધુજીએ નાનાં-મોટાં ૨૭ જેટલાં પ્રકરણો આલેખ્યાં છે. "ઉત્પત્તિનો હેતુ" એ પ્રથમ પ્રકરણ છે, અને "સમય અને અનંતકાળ" એ આ પુસ્તિકાનું છેલ્લું પ્રકરણ છે. વચલાં પ્રકરણો પણ ઘણાં અગત્યનાં છે જેમાં અવતાર, ભવિષ્યનું જીવન, નવો જન્મ, વધસ્તંભ, વાસ્તવિકતાની શોધ, પસ્તાવો અને તારણ, પ્રભુ ઈસુ આપણો આશ્રય, પ્રભુ ઈસુનું પ્રકટીકરણ વગેરે મહત્ત્વના વિષયો બહુ જ સરળ શૈલીમાં અને રસિક ઉદાહરણો દ્વારા સમજાવવાનો સાધુજીએ નમ્ર પ્રયાસ કર્યો છે. આત્મિક વિષયના જ્ઞાન અને ખુલાસા

માટે અને આત્મિક જીવનના વિકાસ માટે આ પુસ્તિકા મહત્ત્વનો ફાળો આપશે એમાં કોઈ શક નથી.

આ પુસ્તિકાનો ગુજરાતી ભાષામાં અનુવાદ પ્રગટ કરવા આપેલ પરવાનગી માટે મદ્રાસમાં આવેલ સંસ્થા ક્રિશ્ચિયન લિટરેચર સોસાયટી (C.L.S.)નો અત્રે આભાર વ્યક્ત કરીએ છીએ.

અમદાવાદ
ફેબ્રુઆરી, ૧૯૮૦

હેમીલ્ટન સત્વેદી
સેક્રેટરી,
ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સો.

# પ્રસ્તાવના

આ નાની પુસ્તિકામાં મારા મનનના સાફલ્યરૂપે મેં મારા કેટલાક વિચારો અને ઉદ્દાહરણોની રજૂઆત કરી છે. હું કોઈ ફિલસૂફ કે શાસ્ત્રવેત્તા નથી. હું ફક્ત પ્રભુનો નમ્ર સેવક છું, જેને ઈશ્વરના પ્રેમના અને સૃષ્ટિના અજાયબ સર્જનના મનનમાં હર્ષ થાય છે. મારી આંતરિક ચેતના, મનન તથા પ્રાર્થના દ્વારા વાસ્તવિકતાના વિષયમાં હું જે કંઈ જાણું છું અને અનુભવું છું તેનું વર્ણન કરવું અસંભવિત છે. મનનની ગંભીર ક્ષણોમાં મારા આત્મામાં જે ઊંડા સત્યનો અનુભવ થાય છે તેનું હું શબ્દોમાં વર્ણન કરી શકતો નથી. આવું સત્ય જો કે અકથનીય હોય છે છતાં ગ્રહણશીલ મગજ તે તરત જ અને સહેજમાં પામી શકે છે. સાચું કહીએ તો, શબ્દો સ્પષ્ટ સમજ કરતાં ગેરસમજ તરફ વધુ દોરી જાય છે.

હું ફરીથી જણાવું છું કે, મારી ઊંડી ભાવનાઓ અને વિચારો રજૂ કરવા હું શક્તિમાન નથી, છતાં એ પૈકી કેટલુંક મારી શક્તિ પ્રમાણે રજૂ કરવા હું પ્રયત્ન કરીશ. આ પ્રયત્ન દ્વારા જો વાચકોને થોડે ઘણે અંશે પણ સહાયતા મળશે, તો મારા બીજા વિચારો અને અનુભવો, જે હાલમાં જુદાં જુદાં કારણોસર હું જાહેર જનતા સમક્ષ રજૂ કરતાં અચકાઉં છું, તેની રજૂઆત કરીશ.

ડૉ. એ. જે. અપ્પાસ્વામી, એમ.એ. (હાર્વર્ડ) અને ડાયરેક્ટર ઑફ ફિલોસોફી (ઑક્સન), જેમણે આ પુસ્તિકાનો ઉર્દૂ ભાષામાંથી અંગ્રેજી અનુવાદ કરવામાં મારી ઘણી જ સહાયતા કરી તેઓનો અત્યંત ઋણી છું. બિશપ કૉલેજ, કલકત્તાના રેવ. આર. ડબ્લ્યુ. પેલી, જેઓએ હસ્તલેખ વાંચીને ઘણા કિંમતી સુધારા સૂચવ્યા તેઓનો પણ અત્રે આભાર માનું છું.

સબાટૂ-સિમલા
સપ્ટેમ્બર, ૧૯૨૩

— સાધુ સુંદર સિંગ

# પરિચય

ઈ. સ. ૧૯૨૯માં જ્યારે સાધુ સુંદર સિંગનું અવસાન થયું, ત્યાં સુધીમાં તેઓએ ઉર્દૂ અને અંગ્રેજી ભાષામાં આઠ નાની પુસ્તિકાઓ તૈયાર કરી હતી. આ પુસ્તિકાઓ નીચે મુજબ છે :

| | |
|---|---|
| (૧) ગુરુને ચરણે | (૫) આત્મિક સંસાર |
| (૨) વાસ્તવિકતા તથા ધર્મ | (૬) ખ્રિસ્તસહિત અને ખ્રિસ્તરહિત |
| (૩) સત્યની શોધ | (૭) સાચું જીવન |
| (૪) આત્મિક જીવન | (૮) સાચું મોતી |

આ પુસ્તિકાઓનો ૪૦ ભાષાઓમાં અનુવાદ થયો અને લાખો વાચકોના હાથમાં તે ગઈ. આ પુસ્તિકાઓ દ્વારા અપાતો પ્રભુનો સંદેશો આટલા બધા લોકોને તેઓના સુવાર્તાપ્રચારના પ્રવાસો દ્વારા ભાગ્યે જ પહોંચ્યો હોત !

તેઓના ૧૯૨૯માં થયેલ અવસાનની સાથે સાથે, ખાસ કરીને પશ્ચિમના દેશોમાં તેઓનાં પુસ્તકોની લોકપ્રિયતા ઘટતી ગઈ, અને પ્રકાશકોએ આ પુસ્તિકાઓની આવૃત્તિઓનું પ્રકાશન બંધ કર્યું. મદ્રાસની ક્રિશ્ચિયન લિટરેચર સોસાયટી ફરીથી આ પુસ્તિકાઓની શ્રેણી પ્રસિદ્ધ કરી રહી છે.

સાધુ સુંદર સિંગનાં પુસ્તકોની, દુનિયામાં જે વર્તમાન અસર પડી છે, તેનો હું અત્રે ઉલ્લેખ કરવા ચાહું છું.

"વાસ્તવિકતા તથા ધર્મ" પુસ્તિકાની પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં, કેનન બી. એચ. સ્ટ્રીટર નામના ઑક્સફર્ડના પ્રખ્યાત ધર્મશાસ્ત્ર તત્ત્વવેત્તાએ લખ્યું છે કે, "આ પુસ્તિકાનો હસ્તલેખ

જ્યારે મેં વાંચ્યો, ત્યારે વિવરણની સ્પષ્ટતાએ મને ખાસ પ્રભાવિત કર્યો હતો. પરમેશ્વર, મનુષ્ય અને કુદરત સંબંધીના વિચારો, જે આપણામાંથી ઘણા ભણેલાઓ અને વિદ્વાનો પણ સ્પષ્ટ રીતે રજૂ કરવામાં મુશ્કેલી અનુભવે છે, તે આ પુસ્તિકામાં સાધારણ જ્ઞાનવાળું મનુષ્ય પણ સરળતાથી સમજી શકે તે રીતે આલેખવામાં આવ્યા છે. એ રીતે જોતાં મને લાગે છે કે, વિશાળ વાચક સમુદાયને આ પુસ્તિકા આકર્ષી શકશે. પુસ્તિકામાં અહીંતહીં કેટલાંક વિધાનો એવાં છે જે સામે ફિલસૂફો કે ધર્મશાસ્ત્રવેત્તાઓ વાંધો લઈ શકે; પરંતુ સાધુજી પોતે જ આ એમાંથી કોઈએક હોવાનો દાવો કરતા નથી, અને આથી સુજ્ઞ વાચક વિવરણ માટે વિવાદી બનશે નહિ; પરંતુ ધર્મની આંતરિક સ્થિતિનું સરળ સ્પષ્ટીકરણ જે આખી પુસ્તિકામાં છવાઈ ગયું છે તેની પ્રશંસા કરશે." હું જાણું છું કે કેટલા પરિશ્રમ અને સચોટતાથી કેનન સ્ટ્રીટરે સાધુ સુંદર સિંગના જીવન અને શિક્ષણના દરેક પાસાનું ઝીણવટથી અધ્યયન કર્યું છે. "સાધુ" નામની પુસ્તિકા આ વિધાનને યથાર્થ ઠેરવે છે.

પ્રોફેસર હેલર લિખિત પુસ્તિકા, "સાધુ સુંદર સિંગનો શુભ-સંદેશ," એ તેના ધર્મતત્ત્વજ્ઞાનનું ઉત્તમ ઉદાહરણ છે. આ પુસ્તિકાની જર્મન ભાષાની આવૃત્તિની ૨૦,૦૦૦ નકલો વેચાઈ ગઈ, જ્યારે અંગ્રેજી આવૃત્તિનું વિતરણ ઘણું ઓછું હતું. આ બાબત કુતૂહલ ઊપજાવે છે કે, ભારત જે સાધુ સુંદર સિંગની જન્મભૂમિ છે, ત્યાં તેના રચનાત્મક વ્યક્તિત્વનું સ્પષ્ટ જ્ઞાન જર્મની મારફતે આવ્યું. પ્રોફેસર હેલર પાસે સાધુ સુંદર સિંગનાં જુદી જુદી ભાષાઓમાં આપેલ પ્રવચનોનો સંગ્રહ દુનિયાની કોઈપણ વ્યક્તિ કરતાં મોટો હતો. તેમણે આ તમામ ઉપદેશોનો બહુ જ ધ્યાનપૂર્વક અને ઊંડા ધાર્મિક અનુભવથી અભ્યાસ કર્યો હતો. ખ્રિસ્તી સાધુ-સંતોના ક્રમમાં સાધુ સુંદર સિંગનું સ્થાન ક્યાં છે એ અંગે તેમણે જે જે ટીકાઓ કરી હતી તે ઘણી ઉત્તેજિક હતી. ૨૮ એપ્રિલ, ૧૯૬૭ને દિવસે જ્યારે

પ્રોફેસર હેલરનું અવસાન થયું, ત્યારે તેમના મિત્રોના અપાર દુઃખ વચ્ચે આપણે સાધુ સુંદર સિંગનો એક નિઃસ્વાર્થ સમાલોચક ગુમાવ્યો.

ડૉ. ફ્રીસો મેલઝર (Dr. Friso Melzer), જેઓ અગાઉ ભારતમાં બેસલ મિશનમાં એક મિશનરી હતા, તેમણે સાધુ સુંદર સિંગની ૬ પુસ્તિકાઓનો જર્મન ભાષામાં અનુવાદ કર્યો, અને એક જ મોટા પાકા ગ્રંથમાં તેનું પ્રકાશન કરીને ખ્રિસ્તી મંડળીઓની એક મોટી સેવા બજાવી છે. તેમણે દરેક પુસ્તિકાની અલગ અલગ પ્રસ્તાવના લખી, અને તેમાં ભારતીય તત્ત્વજ્ઞાન અને ધર્મ ઉપરના મુશ્કેલ મુદ્દાઓ ઉપર વિદ્વત્તાભરી ટિપ્પણ પણ આલેખી. આ ગ્રંથની ૧૦,૦૦૦ કરતાં વધારે નકલોનું વેચાણ થયું.

આશરે ૧૯૬૧ની સાલમાં મેહર લિખ્ત (હેમ્બર્ગ, જર્મની) પ્રકાશકોએ તેમની જર્મન આવૃત્તિઓ મારા ઉપર મોકલી. તેઓ સાધુ સુંદર સિંગના ઉપદેશનો ફેલાવો કરવા ઘણી મહેનત કરે છે. તેઓએ "સાધુ" પુસ્તકની એક મોટી જર્મન આવૃત્તિ બહાર પાડી છે. થોડાં વર્ષો અગાઉ આ પુસ્તકની નકલો અપ્રાપ્ય બની, પરંતુ મારા ઉપર વખતોવખત પત્રો આવતા હતા જેમાં એ પુસ્તક ક્યાંથી પ્રાપ્ત થાય તે વિષે માહિતી મંગાતી હતી. મને આનંદ થાય છે કે હવે એ જર્મન પ્રકાશકોએ તેની બીજી આવૃત્તિ બહાર પાડી છે. તેઓએ "આત્મિક સંસારનું દિવ્ય દર્શન" આ પુસ્તિકાની ૪૮,૦૦૦ નકલો જર્મન ભાષામાં છપાવી છે. આ પુસ્તિકાની અંગ્રેજી આવૃત્તિએ પણ હાલમાં લોકોને આકર્ષિત કર્યા છે. ભવિષ્યનું જીવન તે એક કાયમનો રસ દાખવનાર વિષય છે, અને ઘણા લોક જાણવા આતુર છે કે, સાધુ સુંદર સિંગનું આ વિષય ઉપર કેવું શિક્ષણ હતું.

આ જ પ્રકાશકોની "કૈલાસના મહર્ષિ" એ નામના પુસ્તકના પ્રકાશનથી હું પ્રસન્ન નથી. પુસ્તકનું મુખપૃષ્ઠ ઘણું આકર્ષક છે જેમાં હિમ આચ્છાદિત હિમાલય પર્વત પૂરા ગૌરવ સાથે બતાવ્યો છે.

કૈલાસના મહર્ષિમાં હંમેશાં અમુક લોકોએ રસ દાખવ્યો છે. એક સમયે સાધુ સુંદર સિંગે પણ તેમના ઉપર લંબાણથી એક લેખ લખ્યો હતો. હિમાલયની એક ગુફામાં રહીને બીજાઓ માટે સતત પ્રાર્થના કરતાં આ ઈશ્વરના ભક્તને જોઈને તેમના હૃદયમાં એક હલચલ પેદા થઈ હતી. મહર્ષિનો દાવો હતો કે તેઓ ૩૦૦ વર્ષની ઉંમર ધરાવે છે. આ વાતનું સાધુ સુંદર સિંગે વારંવાર અને અનેક જગ્યાએ ઉચ્ચારણ કર્યું, અને આથી સાધુ સુંદર સિંગની સત્યનિષ્ઠા ઉપર પણ લોકોએ પ્રશ્ન ઊઠાવ્યો, કે 'શું ખરેખર મહર્ષિ જેવી કોઈ વ્યક્તિ છે કે પછી સાધુ સુંદર સિંગે જોડેલી આ વાત છે? આવી વ્યક્તિને કોઈએ કદી જોઈ નથી એનું શું કારણ છે?' પાછલાં વર્ષોમાં આ પ્રકારના પ્રશ્નોથી સાધુ સુંદર સિંગ એવા મૂંઝાયા હતા કે તેમણે મહર્ષિ વિષે બોલવાનું બંધ કર્યું અને કહ્યું, "આ મહર્ષિ માટે મને ઘણું માન છે, પરંતુ આ પૃથ્વી ઉપર મારું કર્તવ્ય ફક્ત પ્રભુ ઈસુનો પ્રચાર કરવાનું છે, અને મહર્ષિનો નહિ." આ પુસ્તિકાના અંતમાં સાધુ સુંદર સિંગના આ જ શબ્દો આલેખવામાં આવ્યા છે, પરંતુ હું ઇચ્છું છું કે જો આ પુસ્તિકાનું પ્રકાશન ન કર્યું હોત તો સારું થાત, જેથી કોઈ સાધુ સુંદર સિંગની સત્યનિષ્ઠા ઉપર કોઈપણ વ્યક્તિ શક ન કરત.

નવેમ્બર, ૧૯૬૬માં, મને રેવ. રોબર્ટ એફ. રાઈસ, જેઓ અગાઉ કોરિયામાં મિશનરી હતા, અને હાલમાં અમેરિકાના તુલસા, ઓકલોહામા રાજ્યમાં ઓરલ રોબર્ટ્સ યુનિવર્સિટીમાં ધર્મો અને મિશનો ઉપર શિક્ષણ આપે છે, તેઓનો પત્ર મળ્યો હતો. તેઓએ લખ્યું હતું કે—

"હું જાણું છું કે અગાઉ સાધુ સુંદર સિંગ જેટલા ગતિશીલ હતા તેટલા જ હાલમાં પણ છે. તેઓ સંબંધી હું ઘણું કહી શકું એમ છું, પરંતુ ચૂપ રહીશ. પ્રેરિતોને બાદ કરતાં હું કોઈ એવી

વ્યક્તિ ઓળખતો નથી, જેણે મારી સમક્ષ પ્રભુ ઈસુનું એવું સ્પષ્ટ ચિત્ર દોર્યું હોય."

ઈ. સ. ૧૯૬૬માં રેવ. આર. એચ. એસ. બોયડ, જેઓ ગુજરાત સંયુક્ત ઈશ્વરવિદ્યાશાળા, અમદાવાદમાં શિક્ષક હતા, તેઓને એડિનબર્ગ યુનિવર્સિટીએ ભારતીય મંડળીમાં સૈદ્ધાંતિક ધર્મશાસ્ત્ર વિષય ઉપર મહાનિબંધ લખવા માટે પીએચ. ડી.ની ઉપાધિ એનાયત કરી હતી. આ મહાનિબંધમાં તેઓએ તમામ ભારતીય અધ્યાત્મવાદીઓ જેઓએ આ વિષય ઉપર જે કંઈ લખ્યું હતું તેનું વર્ણન કર્યું હતું. તેઓએ લખ્યું છે કે, "સાધુ સુંદર સિંગ ખરા અર્થમાં કોઈ ધર્મતત્ત્વજ્ઞાની ન હતા. તેઓએ લાહોરની સેન્ટ જોન ઈશ્વરવિદ્યાશાળામાં ઈશ્વરવિદ્યાનો પ્રાથમિક અભ્યાસ પણ પૂરો કર્યો ન હતો. સાધુ સુંદર સિંગની માન્યતા હતી કે એક ક્ષણની સમાધિ(ecstasy)માં તેઓ પરમેશ્વરને એટલો વિશેષ ઓળખી લેતા હતા જે ઈશ્વરવિદ્યાશાળામાં ઘણાં વર્ષોના અભ્યાસ પછી પણ શક્ય ન બન્યું હોત. તેઓને ચોક્કસ આંતરિક પ્રકાશ પ્રાપ્ત થયો હતો તે ભારતીય ખ્રિસ્તી મંડળીઓ માટે મહત્ત્વપૂર્ણ બાબત છે." ડૉ. બોયડના આ ન્યાયપુરઃસર કથન સાથે સંમત થવા હું પ્રેરાઉં છું.

આગામી વર્ષોમાં ભારતના અધ્યાત્મવાદીઓ સાધુ સુંદર સિંગનાં લખાણોનો ગંભીરતાથી અભ્યાસ કરશે, અને તે દ્વારા તેઓ ઉત્તમ આશીર્વાદ પામી શકશે.

**— એ. જે. અપ્પાસ્વામી**

## ૧. ઉત્પત્તિનો હેતુ

'આદિએ શબ્દ હતો, અને શબ્દ દેવની સંઘાતે હતો, અને શબ્દ દેવ હતો....તેનાથી સઘળું ઉત્પન્ન થયું; એટલે જે કંઈ થયું છે તે તેના વિના ઉત્પન્ન થયું નહિ.' (યોહાન ૧ : ૧, ૩).

શાશ્વત શબ્દ (લોગોસ) આદિકાળથી અને સૃષ્ટિના સર્જન પહેલાંથી અસ્તિત્વમાં હતો. ચેતન અને અચેતન બધું જ તેનાથી જ ઉત્પન્ન થયું. અચેતન વસ્તુઓનું સ્વયં અસ્તિત્વમાં આવવું, કે ચેતન વસ્તુઓનું સર્જન કરવું, અશક્ય છે. કારણ કે ચેતન જ જીવન પ્રગટાવી શકે, અને સમસ્ત જીવનનું મૂળ પરમેશ્વર છે. પોતાની સર્જનશક્તિ દ્વારા, ઈશ્વરે સઘળું ઉત્પન્ન કર્યું, અને તેમાં જીવન મૂક્યું. મનુષ્ય, જે તેના સર્જનની શ્રેષ્ઠ કૃતિ હતી તેમાં 'તેણે જીવનનો શ્વાસ ફૂંક્યો, અને તે સજીવ પ્રાણી બન્યું.' 'મનુષ્યને ઈશ્વરે પોતાની પ્રતિમા પ્રમાણે બનાવ્યું, અને આખી પૃથ્વીનો અમલ તેને સોંપ્યો.'

(૧) સૃષ્ટિ સર્જનનો ઈશ્વરનો હેતુ પોતામાં રહેલી કોઈ અપૂર્ણતા પૂર્ણ કરવાનો નથી, કારણ કે તે પોતે સંપૂર્ણ છે. ઈશ્વર સર્જન કરે છે, કારણ કે ઉત્પન્ન કરવું તે તેના સ્વભાવમાં છે. તે જીવન અર્પે છે, કારણ કે જીવન બક્ષવું તે તેની જીવનસર્જક શક્તિ અને કાર્યનું મૂળતત્ત્વ છે. પોતાની રચના દ્વારા મનુષ્યોને આનંદિત કરવા અને પોતાની જીવન બક્ષનાર ઉપસ્થિતિ મારફતે ખરો આનંદ આપવો તે તેના ખરા પ્રેમનું તત્ત્વ છે. ઉત્પત્તિ દ્વારા જે આનંદ આપણને પ્રાપ્ત થાય છે તે મર્યાદિત છે. કેવળ ઈશ્વર પોતે જ મનુષ્યોનાં હૃદયોની જરૂરિયાતોને પૂરી પાડી શકે અને તેમને સંપૂર્ણતાનો આનંદ પમાડી શકે. જો કોઈ મનુષ્ય આ આનંદ પ્રાપ્ત કરી શકતું નથી,

તો તેનું કારણ તેની અજ્ઞાનતા અથવા અનાજ્ઞાંકિતપણું અને ઈશ્વર વિરુદ્ધનો વિદ્રોહ છે.

(૨) દૃશ્ય અને અદૃશ્ય વિશ્વમાં, અસંખ્ય પ્રાણીઓ છે. અને આ અસંખ્ય પ્રતિરૂપો દ્વારા પરમેશ્વરના અસંખ્ય ગુણ પ્રકાશિત બને છે. પ્રત્યેક પ્રતિરૂપ, પોતાની શક્તિથી, પરમેશ્વરની પ્રકૃતિનું પ્રતિબિંબ પાડે છે. પાપીઓ દ્વારા પણ તેનો પિતા તરીકેનો પ્રેમ પ્રગટ થાય છે, કારણ કે તે તેઓને પશ્ચાત્તાપ દ્વારા તેનામાં આત્મિક જીવન અને શાંતિ પામવાની તક આપે છે.

## ૨. અવતાર

(૧) એક બાળક 'પરમેશ્વર' શબ્દ, માત્ર એક શબ્દના રૂપમાં વાંચે છે અને તેની પાછળ જે સત્ય છુપાયેલું છે તેનો વિચાર સુદ્ધાં કરતું નથી. પરંતુ જ્યારે તેનું મગજ પરિપક્વ બને છે, ત્યારે તે એ શબ્દનો અર્થ સમજવાની શરૂઆત કરે છે. આ જ પ્રમાણે આત્મિક જીવનની શરૂઆત કરનાર વ્યક્તિ, ભલે તે ગમે તેટલી વિદ્વાન હોય, તે સદેહ થયેલ શબ્દ પ્રભુ ઈસુને એક મહાન વ્યક્તિ તરીકે કે પ્રબોધક તરીકે વિચારે છે, પરંતુ તેથી અધિક અનુમાન કરવું તેને માટે મુશ્કેલ છે. પરંતુ જ્યારે તે આત્મિક અનુભવમાં વૃદ્ધિ પામે છે અને તેની હાજરીનો સાક્ષાત્કાર અનુભવે છે, ત્યારે તેને ભાન થાય છે કે ઈસુ ખ્રિસ્ત પરમેશ્વરનો અવતાર છે, '[ખ્રિસ્ત]માં દેવત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે.' (કોલોસી. ૨ : ૯). 'તેનામાં જીવન હતું; તે જીવન માણસોનું અજવાળું હતું.' (યોહાન ૧ : ૪).

(૨) એક વ્યક્તિ શબ્દો દ્વારા પોતાના વ્યક્તિત્વનું પર્યાપ્ત રૂપ પ્રગટ કરી શકે નહિ, જો કે તે પોતાના ભાવો સ્પષ્ટ કરવા નવા શબ્દોનો, કે ચિહ્નો યા ઉદાહરણોનો પ્રયોગ કરી શકે. મનુષ્ય દેહ પણ આત્માના તમામ ગુણો અને શક્તિ જે વ્યક્તિત્વ ઘડે છે તે પૂર્ણ રીતે પ્રગટ કરવામાં અસમર્થ છે. બીજા શબ્દોમાં કહીએ તો મનુષ્યના વ્યક્તિત્વનો

મોટો ભાગ જ્યારે તે પૃથ્વી ઉપર છે ત્યારે છુપાયેલો રહે છે અને માત્ર એક ભાગ પ્રગટ થાય છે. આત્મિક જીવ કેવળ આત્મિક જગતમાં જ પોતાને પૂર્ણ રીતે પ્રગટ કરે છે, જ્યાં તેની તમામ બાહ્ય અને આંતરિક પરિસ્થિતિઓ તેની જરૂરિયાતોને પૂરી પાડીને તેની પ્રગતિમાં સહાયતા કરે છે.

આ બાબત જો મનુષ્યના આત્મા માટે ખરી હોય, તો તે આદિ શબ્દ માટે પોતાનું દૈવત્વ સ્પષ્ટ રીતે શરીર દ્વારા પ્રગટ કરવું કેટલું અશકય છે! મનુષ્યના તારણ માટે જેટલું શકય અને આવશ્યક હતું, તેટલો તેણે પોતાને પ્રગટ કર્યો; પરંતુ તેનો વાસ્તવિક મહિમા પૂર્ણ રૂપમાં ફક્ત સ્વર્ગમાં પ્રગટ થશે.

(૩) આ પ્રશ્ન ઊઠે છે કે, આપણે વાસ્તવિકતાને જોયા અને પૂર્ણ રીતે જાણ્યા વગર કઈ રીતે તેના ઉપર વિશ્વાસ કરી શકીએ? અહીં એક બાબત હું સ્પષ્ટ કરવા ચાહું છું કે, વાસ્તવિકતાનું પૂર્ણ જ્ઞાન, વાસ્તવિકતા ઉપર વિશ્વાસ કરવા આવશ્યક નથી. ઉદાહરણ તરીકે કહું કે શરીરનાં કેટલાંક અંગો, જેના ઉપર આપણા જીવનનો મુખ્ય આધાર છે, તે આપણી આંખોથી છુપાયેલાં છે. કોઈએ કદી પોતાનું મગજ કે હૃદય જોયાં નથી, છતાં એ અવયવો તેનામાં નથી એમ કોઈ કહી શકતું નથી. આમ જો આપણે આપણા મગજ અને હૃદય જે આપણા જીવનના મુખ્ય આધારરૂપ છે, તેમને જોઈ શકતાં નથી, તો જેણે આપણા હૃદય અને મગજની રચના કરી, જેના ઉપર આપણું સમસ્ત જીવન નિર્ભર છે તેવા સરજનહારને જોવો એ કેટલું મુશ્કેલ છે!

## ૩. પ્રાર્થના

(૧) કેટલાક એવા છોડ છે જેનાં પાંદડાં અને પુષ્પો સૂર્ય અસ્ત થતાં બિડાઈ જાય છે, અને બીજા દિવસે સૂર્યનાં પ્રકાશિત કિરણોના સ્પર્શથી ફરીથી ખૂલી જાય છે. આ રીતે તેઓ પોતાના જીવન અને વૃદ્ધિ માટે આવશ્યક સૂર્યનો પ્રકાશ અને જીવન ગ્રહણ

કરે છે. આ જ પ્રમાણે પ્રાર્થના દ્વારા આપણાં હૃદયો ન્યાયીપણાના સૂર્ય સમક્ષ ખૂલે છે, અને અંધકારના ભય અને મુશ્કેલીઓથી સુરક્ષિત બનીને પ્રભુ ઈસુના વ્યક્તિત્વ તરફ વૃદ્ધિ પામતાં જાય છે.

(૨) કેટલાક લોકો માનતા હોય છે તેમ પ્રાર્થના દ્વારા આપણે ઈશ્વરની યોજના ફેરવી શકતા નથી, પરંતુ જે મનુષ્ય પ્રાર્થના કરે છે તે પોતે જ બદલાઈ જાય છે. આત્મિક ક્ષમતાઓ, જે આ અપૂર્ણ જીવનમાં અપૂર્ણ હોય છે, તે દિન પ્રતિદિન પૂર્ણતા તરફ આગળ વધે છે.

એક માદા-પક્ષી માળામાં ઈંડાં સેવવા બેસે છે. શરૂઆતમાં, ઈંડાંમાં, કોઈપણ જાતના રૂપ અને આકાર વગરનો એક પ્રકારનો પ્રવાહી હોય છે. પરંતુ માદા-પક્ષીના સતત સેવનથી, ઈંડાંમાં રહેલો આકાર વગરનો પદાર્થ માદા-પક્ષીના રૂપમાં આકાર લે છે. આ પરિવર્તન માદામાં નહિ પરંતુ ઈંડાંમાં થાય છે. આ પ્રમાણે, આપણે જ્યારે પ્રાર્થના કરીએ છીએ, ત્યારે પરમેશ્વરમાં કોઈ પરિવર્તન થતું નથી, પરંતુ આપણે તેનાં મહિમાયુક્ત આકાર અને પ્રતિમામાં પરિવર્તિત થઈએ છીએ.

(૩) સૂર્યની ગરમીને કારણે પૃથ્વી ઉપરથી વરાળ ઊંચે ચઢે છે. જાણે કે, ગુરુત્વાકર્ષણના નિયમની વિરુદ્ધમાં, તે ઉપર હવામાં ચઢે છે અને પછી વરસાદના રૂપમાં નીચે આવીને સૃષ્ટિને ફળદાયી બનાવે છે. આ જ પ્રમાણે આપણી સાચી પ્રાર્થનાઓ, પવિત્ર આત્માની ગરમીથી ઉત્તેજિત બની, પાપ અને દુષ્ટતા ઉપર જીત મેળવી, ઈશ્વર તરફ પહોંચે છે અને તેના આશીર્વાદોની ભરપૂરી લઈને પૃથ્વી ઉપર પાછી આવે છે.

(૪) કેટલાક સમુદ્રી છોડ અને વેલાઓ એટલા નાજુક હોય છે કે મોજાંનો પછડાટ તેમને નષ્ટ કરી શકે. પરંતુ જ્યારે સમુદ્રના તોફાનની તેમને આગાહી મળે છે, ત્યારે આ છોડ અને વેલાઓ,

ઊછળતાં મોજાંની અસરથી દૂર, સમુદ્રના ઊંડાણમાં ચાલી જાય છે. આ જ રીતે, જ્યારે પ્રાર્થનાવાદી મનુષ્યને શેતાની આક્રમણોના અને પાપના તૂફાન અને દુનિયાઈ પીડાઓનો સંકેત મળે છે, ત્યારે તે તરત જ ઈશ્વરના પ્રેમના સમુદ્રમાં ડૂબકી મારે છે જ્યાં અનંત શાંતિ અને સુખ હોય છે.

(૫) એક ફિલસૂફ એક રહસ્યવાદીને મળવા ગયો. તેઓ બન્ને થોડો સમય શાંત બેઠા પછી જ્યારે ફિલસૂફે ઊઠવાની તૈયારી કરી ત્યારે રહસ્યવાદીએ કહ્યું, 'જે આપ વિચારો છો, તે હું અનુભવું છું.' ફિલસૂફે કહ્યું, 'આપ જે કંઈ અનુભવો છો, તે હું વિચારી પણ શકતો નથી.' સ્પષ્ટ જણાય છે કે, સાંસારિક જ્ઞાન વાસ્તવિકતાને સમજવા અને અનુભવવા શક્તિમાન નથી.

(૬) પ્રાર્થનાવાદી પ્રાર્થના સમયે જે અજાયબ શાંતિ અનુભવે છે તે તેની કલ્પનાઓ અને વિચારોને પરિણામે નથી, પરંતુ તે તેના આત્મામાં રહેલી ઈશ્વરની હાજરીને કારણે છે. તળાવમાંથી ઊંચે ચઢતી વરાળ મોટું વાદળ બનીને પૃથ્વી ઉપર વરસાદરૂપે આવતી નથી; એ તો વિશાળ મહાસાગરમાંથી ચઢતી વરાળ મોટાં વાદળ બનીને વર્ષારૂપે પૃથ્વી ઉપર વરસી સૂકી ભૂમિની તરસ છિપાવીને તેને ફળદ્રૂપ બનાવે છે. પ્રાર્થના દ્વારા ઈશ્વરની સંગત અનુભવીને જે શાંતિ પ્રાપ્ત થાય છે, તે આપણા અર્ધજાગ્રત મનને કારણે નહિ, પરંતુ ઈશ્વરના પ્રેમના અમર્યાદ મહાસાગરને આભારી છે.

(૭) સૂર્ય હંમેશાં મધ્યાહ્ને પ્રકાશે છે. રાત્રી-દિવસનો ફેરફાર અને ઋતુઓનું પરિવર્તન સૂર્યને કારણે નથી, પરંતુ પૃથ્વીની પરિક્રમાને કારણે છે. તે જ પ્રમાણે ન્યાયીપણાનો સૂર્ય, 'ગઈ કાલે, આજે અને સદાકાળ એવો ને એવો જ છે.' (હેબ્રી. ૧૩ : ૮). જો આપણે પ્રાર્થનામાં ઊંચે ચઢીએ, અથવા શોકમાં નીચે ડૂબીએ, તો તે આપણી તેના તરફની સ્થિતિને કારણે હોય છે. આપણે જો ઈશ્વર સંમુખ

આપણું હૃદય મનન અને પ્રાર્થનામાં ખુલ્લું કરીએ, તો ન્યાયીપણાના સૂર્યનાં કિરણો આપણા પાપના ઘા રુઝાવીને આપણને સંપૂર્ણ આરોગ્ય બક્ષશે. (માલાખી ૪ : ૨).

(૮) કુદરતના નિયમો નિયુક્ત કરેલ સાધનો છે જે દ્વારા ઈશ્વર મનુષ્યો અને અન્ય જીવોની પ્રગતિ અને લાભ માટે કાર્ય કરે છે. ચમત્કારો કુદરતના નિયમોની વિરુદ્ધ હોતા નથી. કુદરતના ઉચ્ચ કોટીના નિયમો પણ છે જે સંબંધી આપણે સામાન્ય રીતે અજ્ઞાન છીએ. ચમત્કારો એ ઉચ્ચ નિયમોને આધીન છે. પ્રાર્થના દ્વારા આપણને ધીમે ધીમે એ ઉચ્ચ નિયમોનું ભાન થાય છે.

આપણા આત્માઓને શાંતિ અને આનંદથી ભરી દેવા એ સૌથી મોટો ચમત્કાર છે. આપણે એવું વિચારીએ કે પાપ અને કષ્ટની દુનિયામાં આવી શાંતિ પ્રાપ્ત કરવી અશક્ય છે. પરંતુ અશક્ય શક્ય બને છે. સફરજન ગરમ દેશોમાં પાકતાં નથી, તેમ જ કેરી બરફથી છવાયેલ મુલકોમાં થતી નથી. જો આ પ્રમાણે બને, તો તેને આપણે ચમત્કાર કહીએ. આમ છતાં, ગરમ પ્રદેશોનાં ઝાડપાન, જો તેમને માટે યોગ્ય વાતાવરણ તૈયાર કરવામાં આવે, તો ઠંડા પ્રદેશોમાં પણ ઊગે છે.

(૯) જો તમામ મનુષ્યોનો ગ્રહણશીલ આત્મા હોય, અને ઈશ્વરનો અવાજ સાંભળવા કાન તૈયાર હોય, તો સુવાર્તિકો અને પ્રબોધકોને ઈશ્વરની ઇચ્છાનો પ્રચાર કરવા બધે ફરવાની અગત્ય હોત નહિ. પરંતુ બધા મનુષ્યો ગ્રહણશીલ હોતા નથી. આથી ઈશ્વરનાં વચનો માટે પ્રચારકોની જરૂર પડે છે. પરંતુ કોઈ કોઈવાર પ્રચારને બદલે પ્રાર્થના દ્વારા વધારે સારું કામ થાય છે. ગુફામાં એક-ધ્યાનથી પ્રાર્થના કરનાર વ્યક્તિ પોતાની પ્રાર્થના દ્વારા બીજાઓને ઘણી સહાયતા કરી શકે છે. જેવી રીતે વાયરલેસ સંદેશાઓ અદૃશ્ય રીતે દૂર પહોંચાડાય છે અને આપણા બોલેલા શબ્દો રહસ્યમય મોજાંઓ દ્વારા બીજાઓ પાસે પહોંચી જાય છે તેમ તેની પ્રાર્થના-ઓનો પ્રભાવ ચારે તરફ અસરકારક અને શાન્ત રીતે ફેલાઈ જાય છે

(૧૦) કેટલીક વાર જ્યાં વધુ વર્ષા થતી નથી એવી સૂકી જમીન ઉપર લીલાંછમ અને ફળદાયી વૃક્ષો જોવામાં આવે છે. સંશોધન બાદ જાણવા મળે છે કે આ વૃક્ષો લીલાં છે અને ફળ આપે છે, કારણ કે તેમનાં છુપાયેલ મૂળ જમીન અંદર ઊંડે વહેતા પાણીના ઝરાને સ્પર્શે છે. પાપ અને દુઃખભર્યા સંસારની વચમાં વસતા પ્રાર્થનાવાદી મનુષ્યોના અખૂટ શાંતિમય આનંદથી પુલકિત અને ફળદાયી જીવન જોતાં આપણને નવાઈ લાગે છે. આનું કારણ આ છે કે પ્રાર્થના દ્વારા તેઓના વિશ્વાસનાં અદશ્ય મૂળ જીવતા પાણીના ઝરા સુધી પહોંચે છે જેમાંથી તેઓ જીવન અને શક્તિ મેળવે છે અને અનંતજીવનનાં ફળ ઊપજાવે છે. (ગીતશાસ્ત્ર ૧ : ૨–૩).

(૧૧) વૃક્ષોનાં મૂળના છેડા એટલા સંવેદનશીલ હોય છે કે, જાણે કે કોઈ સહજ પ્રેરણાથી, તેઓ જ્યાં પૌષ્ટિક ખોરાક ઉપલબ્ધ નથી ત્યાંથી મોં ફેરવી લે છે, અને તે દિશામાં ઝડપથી ફેલાય છે જ્યાં તેમને માટે ખોરાક અને જીવન છે. પ્રાર્થનાવાદી મનુષ્યોમાં પણ આ જાણી લેવાની શક્તિ હોય છે. અમુક પ્રેરણાથી પ્રેરિત થઈને તેઓ જ્યાં છળકપટ, દગો અને ભ્રમ હોય છે ત્યાંથી દૂર ભાગે છે, અને જેના ઉપર તમામ જીવન નિર્ભર છે તેવી વાસ્તવિકતા શોધી લે છે.

(૧૨) જે લોકો પ્રાર્થના દ્વારા ઈશ્વર સાથે વાત કરતા નથી તેઓ મનુષ્ય ગણાવાને લાયક નથી. તેઓ કેળવાયેલાં પ્રાણી જેવાં છે જેઓ નિશ્ચિત કાર્ય, નિશ્ચિત રીતે અને નિશ્ચિત સમયે કરે છે. કેટલીક વાર તેઓ આ પ્રાણીઓ કરતાં પણ નીચી કક્ષાએ ઊતરી જાય છે, કારણ કે તેઓને પોતાની અંદરની શૂન્યતા, તેઓનો ઈશ્વર સાથેનો સંબંધ અને મનુષ્યો તથા ઈશ્વર પ્રત્યેની તેઓની ફરજનું તેઓને ભાન હોતું નથી, પરંતુ પ્રાર્થનાવાદી મનુષ્યો, ઈશ્વરનાં સંતાનો હોવાનો હક ગ્રહણ કરતાં કરતાં ઈશ્વરની પ્રતિમા અને સમાનતાના ઢાળમાં ઘડાય છે.

## ૪. મનન

(૧) મગજ એક અત્યંત ચતુર અને સંવેદનશીલ યંત્ર છે, જેને સુંદર ચેતનાઓથી મઢવામાં આવ્યું છે જે મનન મારફતે અદૃશ્ય સૃષ્ટિમાંથી સંદેશાઓ પ્રાપ્ત કરે છે અને માનવ વિચારો કરતાં અધિક ઉચ્ચ ધારણાઓ પ્રોત્સાહિત કરે છે. મગજ પોતે આ ધારણાઓ ઉત્પન્ન કરતું નથી, પરંતુ ઉપરની અદૃશ્ય આત્મિક સૃષ્ટિમાંથી મેળવે છે, અને જેનાથી મનુષ્ય પરિચિત છે તેવી દશા અને પરિસ્થિતિઓની અનુકૂળ વ્યાખ્યા કરે છે. કેટલાક લોકો આવો સંદેશ સ્વપ્ન દ્વારા, કેટલાક દર્શન દ્વારા અને કેટલાક મનનમાં હરતાં ફરતાં મેળવે છે. આ પ્રમાણે મળેલ સંદેશાઓમાં ઉપયોગી અને બિનઉપયોગી કયા છે તેનો તફાવત પ્રાર્થના દ્વારા જાણવા મળે છે, કારણ કે સાચી પ્રાર્થનામાં, પરમેશ્વરના પ્રકાશનાં કિરણો અંતરના અત્યંત સંવેદનશીલ ભાગોને પ્રકાશિત કરે છે, જેને આપણે અંતઃકરણ અથવા નૈતિક ચેતના કહીએ છીએ. અદૃશ્ય સૃષ્ટિમાંથી મનોહર રંગો, મધુર સંગીત અને અન્ય અજાયબ દૃશ્યો અને સ્વરોનું મગજના અંદરના ભાગમાં પરાવર્તન થાય છે. કવિઓ અને ચિત્રકારો, ઘણી વાર ખરું ઉદ્‌ગમ-સ્થાન જાણ્યા વગર પોતાનાં કાવ્યો અને ચિત્રોમાં આ અદૃશ્ય વાસ્તવિકતાઓને વ્યક્ત કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ મનન કરનાર મનુષ્ય જાણે કે આવી વાસ્તવિકતાના હાર્દને સ્પર્શે છે, કારણ કે તે આ વાસ્તવિકતાથી પરિચિત છે, અને તેમાંથી પરમસુખનો અનુભવ કરે છે. કારણ કે તેનો આત્મા અને આત્મિક સૃષ્ટિ જ્યાંથી તે નીકળે છે તે બન્ને પરસ્પર જોડાયેલાં છે.

(૨) કોઈ કોઈવાર આપણે કોઈ નવી જગ્યાએ જઈએ છીએ ત્યારે એવું લાગે છે કે અહીં અગાઉ આવી ગયા છીએ અથવા તે જગ્યા સાથે કોઈ અજ્ઞાત સંબંધ છે. આ વિષે ત્રણ ખુલાસા આપી શકાય. પ્રથમ આ કે, કોઈ અન્ય વ્યક્તિ જે આ જગ્યાએ આવી ગઈ

છે તેણે આ સંબંધી વિચાર કર્યો હોય, અને આપણા ધ્યાન બહાર તેના વિચારો કોઈ રહસ્યમય રીતે આપણને પહોંચાડયા હોય. બીજું કારણ આ કે, આના જેવી જ બીજી કોઈ જગ્યા આપણે જોઈ હોય, અને આ બન્ને વચ્ચે રહેલી સમાનતાની યાદ આપણા મગજમાં નવા રૂપમાં આવી હોય. ત્રીજું કારણ આ કે, અદૃશ્ય સૃષ્ટિનું પ્રતિબિંબ આપણા મગજમાં પડયું હોય, કારણ કે આપણા આત્માનો તે સૃષ્ટિ સાથે સંબંધ છે, અને ઘણી વાર અજાણતાં, આપણે એ સૃષ્ટિની ભાવનાઓથી પ્રભાવિત થઈએ છીએ. આ સૃષ્ટિ તે અદૃશ્ય સૃષ્ટિની નકલ છે. બીજી રીતે કહીએ તો તે આત્મિક સૃષ્ટિનું ભૌતિક સ્વરૂપ છે. આ બે સૃષ્ટિની સમાનતાથી આપણા વિચારો નિરંતર પ્રભાવિત રહે છે. આપણે જ્યારે મનનમાં પૂરતો સમય ગાળીએ છીએ, ત્યારે આ બે સૃષ્ટિ વચ્ચેનો સંબંધ અધિક સ્પષ્ટ બનતો જાય છે.

(૩) મનનમાં આત્માની વાસ્તવિક સ્થિતિ પ્રગટ થાય છે. આ રીતે વ્યસ્ત રહેતાં, એક રીતે આપણે પરમેશ્વરને આપણી સાથે વાત કરવાનો અને તેના ઉત્તમ આશીર્વાદોથી આપણને વેષ્ટિત કરવાનો અવસર આપીએ છીએ.

આપણે ગમે તે વિષય ધારીએ, પરંતુ કોઈપણ વિચાર, કાર્ય કે શબ્દ કદાપિ ભૂંસાઈ જતાં નથી; તે આપણા આત્મા ઉપર અંકિત થઈ જાય છે. બીજા શબ્દોમાં કહીએ, તો તે "જીવનના પુસ્તકમાં" અંકિત થાય છે. મનન આપણી સહાયતા કરે છે કે આપણે દરેક કાર્ય પરમેશ્વરની બીક અને પ્રેમમાં કરીએ જેથી જીવનના પુસ્તકમાં આપણો હિસાબ, જેના ઉપર આપણા ભવિષ્યના સુખદુઃખનો આધાર છે તે સ્વચ્છ રહે.

(૪) પરમેશ્વર અનંત છે જ્યારે આપણે સીમિત છીએ. આપણે નિશ્ચે અનંત ઈશ્વરને પૂર્ણ રૂપમાં સમજી શકતા નથી. પરંતુ તેણે આપણામાં એક એવી ચેતના ભરી છે જે દ્વારા આપણે તેનામાં

આનંદિત રહી શકીએ છીએ. મહાસાગર વિશાળ હોય છે અને આપણે તેના વિશાળ વિસ્તારને જોઈ શકતા નથી કે તેના પેટાળમાં છુપાયેલ સંપત્તિ જાણી શકતા નથી; પરંતુ ફક્ત આપણી જીભના ટેરવાથી આપણે જાણી શકીએ છીએ કે તેનું પાણી ખારું છે. કદાપિ મહાસાગર સંબંધી આપણે તમામ બાબતો ન જાણી શકીએ, પરંતુ આપણી જીભ (સ્વાદેન્દ્રિય)ના ટેરવાથી આપણે તેના પાણી સંબંધી એક મહત્ત્વની બાબત જાણી લીધી છે.

(૫) ભય, ક્રોધ અને ગાંડપણમાં મનુષ્ય અસાધારણ કાર્ય કરી બેસે છે. હા, તે લોખંડની જંજીરો પણ તોડી શકે છે! આ શક્તિ મનુષ્યોમાં વારસાગત છે પરંતુ તેનું ભાન ત્યારે જ થાય છે જ્યારે તેની તમામ શક્તિ એક દિશામાં કેન્દ્રિત થાય છે. એ જ રીતે મનનમાં મનુષ્યની શક્તિ દૈવી શક્તિ દ્વારા સુદૃઢ બનીને પાપની જંજીરો તોડીને મહાન અને ઉપયોગી કાર્ય કરી શકે છે. સાથે સાથે આ પણ જાણી લઈએ કે આ ઈશ્વરી ભેટની શક્તિ જો ખોટી રીતે વાપરીએ તો તે ખતરનાક બને છે. બોમ્બ, મશીનગન, તોપ કેટલાં શક્તિશાળી હોય છે—છતાં તેઓ કેટલાં વિનાશકારી અને ખતરનાક છે!

(૬) જ્યારે આપણે વિચારોમાં લીન હોઈએ છીએ ત્યારે જો કે સંપૂર્ણ સચેત હોઈએ છતાં ફૂલોની સુગંધ, સંગીતની મધુરતા કે કુદરતી સૌંદર્યનો વિચાર સુદ્ધાં આવતો નથી. તેઓનું આપણા માટે જાણે કે અસ્તિત્વ જ ન હોય. આ જ પ્રમાણે જે લોકો સંસારી બાબતોમાં રચ્યાપચ્યા રહે છે તેઓ માટે આત્મિક વાસ્તવિકતાનું અસ્તિત્વ જ હોતું નથી. 'જોતાં તેઓ જોતા નથી, ને સાંભળતાં તેઓ સાંભળતા નથી.' (માથ્થી ૧૩ : ૧૩).

(૭) એક દિવસ એક ફૂલ જોઈને તેની સુંદરતા અને સુગંધ સંબંધી હું વિચારવા લાગ્યો. જ્યારે મેં ઊંડાણથી વિચાર કર્યો ત્યારે મારી દૃષ્ટિથી છુપાયેલા એવા સરજનહારને તેના સર્જનની પાછળ

જોયા. આથી મારું હૃદય આનંદથી છલકાઈ ઊઠયું. પરંતુ જ્યારે તે સરજનહારને મેં મારા આત્મામાં કામ કરતો અનુભવ્યો, ત્યારે મારો આનંદ એથી પણ અધિક થયો. મને મુખમાંથી આવા ઉદ્ગારો કાઢવાની પ્રેરણા થઈ કે, 'ઓહ! તું કેટલો આશ્ચર્યજનક પરમેશ્વર છે! તારી સૃષ્ટિથી અલગ હોવા છતાં પણ તારું સર્જન તારી મહિમાયુક્ત હાજરીથી ભરપૂર છે.'

(૮) પ્રભુ ઈસુએ પોતે કંઈ જ લખ્યું નથી. પોતાના શિષ્યોને પણ પોતાનો ઉપદેશ લખવાનો તેમણે આદેશ આપ્યો નથી. આનું કારણ આ છે કે તેમના શબ્દો જીવન અને આત્મા છે. તેઓ જાણે છે કે જીવન, સજીવને જ પ્રાપ્ત થાય છે – પુસ્તકોનાં પૃષ્ઠોમાં નહિ. બીજી બાબત કે, બીજા ઉપદેશકો પોતાની પાછળ પુસ્તકો મૂકતા ગયા, કારણ કે તેઓ જાણતા હતા કે તેઓ પોતાના ચેલાઓથી દૂર જઈ રહ્યા છે, અને તેઓ તેમને જરૂરિયાતના સમયે પોતાનાં પુસ્તકો મારફતે મદદરૂપ બનવા માંગતા હતા. તેમનાં પુસ્તકોએ તેમની જીવંત વાણીનું સ્થાન લીધું હતું. એથી ઊલટું, આપણા તારનારે પોતાના શિષ્યોને કદી એકલા મૂક્યા નથી. તેઓ સદૈવ આપણી સાથે છે અને તેમનો જીવંત અવાજ અને હાજરી આપણને સદા માર્ગદર્શન આપે છે. તેમના સ્વર્ગારોહણ પછી હૃદયમાં સદા વાસો કરનાર પવિત્ર આત્માએ શિષ્યોને સુસમાચાર લખવાની પ્રેરણા આપી.

(૯) આપણે જો વારંવાર એક જ વિચાર, શબ્દ કે કાર્ય કરતા રહીએ, તો તે ટેવ બની જાય છે, અને આવી ટેવથી આપણું ચારિત્ર-ઘડતર થાય છે. આથી જ જ્યારે આપણે જે કંઈ વિચારીએ, બોલીએ કે કરીએ, ત્યારે તેની કેવી સારી કે માઠી અસર પડશે તેનો સાવધાનીપૂર્વક વિચાર કરવો જોઈએ. સારું કરતાં બેદરકાર ન રહેવું જોઈએ, નહિ તો સારું કાર્ય કરવાની શક્તિ જ અલોપ થઈ જશે. કોઈ સારું કાર્ય કરવું મુશ્કેલ છે; પરંતુ એક ખરાબ કાર્ય કરીને તે

સુધારવું એ તેના કરતાં પણ મુશ્કેલ છે. કોઈ કાર્ય બગાડવું એ તદ્દન સરળ બાબત છે. એક વૃક્ષનો ઉછેર ઘણો સમય અને મહેનત માંગી લે છે, પરંતુ તે વૃક્ષ કાપી નાંખવું બિલકુલ સરળ છે. જ્યારે તે સુકાઈને મરી જાય છે ત્યારે તેમાં ફરીથી જીવન પ્રદાન કરવું અશક્ય છે.

## ૫. ભવિષ્યનું જીવન

(૧) પૃથ્વી ઉપરનાં તમામ રાષ્ટ્રોમાં અને હરેક સમયે ભવિષ્યના જીવનમાં વિશ્વાસ જોવામાં આવ્યો છે. ઈચ્છા સંભવિત પરિપૂર્ણતા બતાવે છે. તરસ પાણીનું, અને ભૂખ ખોરાકનું, અસ્તિત્વ જાહેર કરે છે. અનંતકાળ સુધી જીવવાની ઇચ્છા સ્વયં તેની પરિપૂર્ણતાનું પ્રમાણ છે.

(૨) આપણા આત્મામાં કેટલીક ઉચ્ચ અને ઉમદા ઇચ્છાઓ ઊઠે છે જે આ પૃથ્વી ઉપર સંભવિત પૂરી થઈ શકે તેમ નથી. આથી કોઈ એવી આત્મિક સૃષ્ટિ હોવી જોઈએ જ્યાં આ ઇચ્છાઓ પરિપૂર્ણ બને. આ ભૌતિક દુનિયા આપણી આત્મિક લાલસાઓ ન પૂરી કરી શકે.

(૩) આત્માની વાસ્તવિક ઇચ્છાની પરિપૂર્ણતા કેવળ ઈશ્વર જ પૂરી કરી શકે જેણે આત્મા ઉત્પન્ન કર્યો અને તેમાં ઈશ્વરને પામવાની ઇચ્છા મૂકી. ઈશ્વરે મનુષ્યને પોતાની પ્રતિમા પ્રમાણે બનાવ્યું આથી જ મનુષ્યમાં પણ દૈવી સ્વભાવનો અંશ છે જે ઈશ્વર સાથેની સંગત ઝંખે છે. કુદરતના નિયમ અનુસાર સમાન વસ્તુ સમાનને શોધે છે. જ્યારે આપણે અનંત શક્તિમાં રોપિત થઈ જઈશું, ત્યારે કેવળ સંતોષની લાગણી જ નહિ, પરંતુ તેનામાં અનંતજીવન પામીશું.

## ૬. નવો જન્મ

(૧) આ એક સ્વીકૃત હકીકત છે કે બાળકો ઘણું કરીને પોતાનાં માતાપિતાનું ચારિત્ર વારસામાં મેળવે છે. તેઓ ઉપર વાતાવરણનો પ્રભાવ પણ પડે છે. દાખલા તરીકે, માતાપિતા અને બીજાંઓ જેઓની

સાથે તેઓ સતત સંપર્કમાં આવે છે તેઓની ટેવો ગ્રહણ કરે છે. દુષ્ટ માબાપનાં બાળકો જેઓ દૂષિત વાતાવરણમાં ઊછરે છે તેઓ જરૂર દુષ્ટ બને છે. દરેક પરિસ્થિતિ તેઓને સારા બનવાનું અશક્ય બનાવે છે. જો આવાં બાળકો સારા ચારિત્રવાળાં નીકળે તો તે એક મોટો ચમત્કાર કહેવાય. આપણે જાણીએ છીએ કે, આવા ચમત્કારો ઘણું કરીને દરેક જગ્યાએ બને છે. આવા ચમત્કારો, છુપાયેલી મહાન શક્તિનું અસ્તિત્વ સાબિત કરે છે જે બેડીઓ તોડી નાંખે છે અને પાપના બંધનથી મુક્ત કરીને પાપીઓને નવા મનુષ્યો બનાવે છે. આ નવો જન્મ છે. છુપાયેલી શક્તિ તો પવિત્ર આત્મા છે, જે પસ્તાવો કરીને પ્રભુ ઈસુ ઉપર વિશ્વાસ કરનારાઓ માટે તારણ પમાડવાનું કાર્ય કરે છે.

(૨) એવા અનેક ગુનેગારો છે જેઓને તેમની સરકારે સખત શિક્ષા કરી છે છતાં તેઓમાં લેશમાત્ર સુધારો થયો નથી. તેઓનાં પ્રિયજનોના અને મિત્રોના પ્રેમ અને બોધની તેઓ ઉપર કોઈ અસર ઊપજી નહિ. તેઓને સુધારવાના શક્ય તેટલા ઉપાયો કરવામાં આવ્યા, પરંતુ પરિણામ શૂન્ય. કેટલીક વાર જ્યારે તેઓને પ્રભુ ઈસુ પાસે દોરી જવામાં આવ્યા, ત્યારે એક ક્ષણ માત્રમાં તેઓ બદલાઈને નવા મનુષ્યો બન્યા. પછી તે જ લોકો જેઓ સ્વાર્થી અને પાપી જીવન જીવતા હતા તેઓનાં જીવન બદલાઈ ગયાં અને તેમણે બીજાઓની સેવા કરવાનું શરૂ કર્યું. પહેલાં તો તેઓ બીજાઓને સતાવતા હતા અને હત્યા સુદ્ધાં કરતા હતા, પરંતુ હવે તો તેઓ બીજાઓ માટે સતાવણી પામવાને અને પોતાનો જીવ આપવાને પણ તૈયાર હતા. આનું નામ નવો જન્મ છે. શું આ પૂરતી સાબિતી નથી કે પ્રભુ ઈસુ પાપીઓનો તારનાર છે, અને એક મહાન વૈદ છે જે મનુષ્યોના રોગોનું ચોક્કસ નિદાન કરીને તેઓનો રોગ મટાડે છે. હૃદયના સર્જક સિવાય એવી કઈ વ્યક્તિ હોય જે ભંગિત હૃદયોને સાજાં કરી શકે? ઈશ્વર સિવાય એવું કોણ છે જે પાપીઓને સંત બનાવી શકે?

## ૭. પ્રેમ

(૧) પરમેશ્વર પ્રેમનું મૂળ છે. ગુરુત્વાકર્ષણની શક્તિ જેવી રીતે ગ્રહોને અંતરિક્ષમાં રાખે છે તે પ્રમાણે આત્મિક ગુરુત્વાકર્ષણની તાકાત પ્રેમ છે, જેનું મૂળ ઈશ્વરમાં છે. લોહચુંબક લોખંડને આકર્ષે છે, એનું રહસ્ય એ નથી કે લોખંડ કિંમતી ધાતુ છે, પરંતુ લોખંડમાં પ્રતિક્રિયા કરવાની શક્તિ છે. લોહચુંબક સોનાને આકર્ષી શકતું નથી. સોનું વધારે કિંમતી ધાતુ છે, પરંતુ તેમાં પ્રતિક્રિયા કરવાની શક્તિ નથી. આ જ પ્રમાણે ઈશ્વર ગમે તેવા મોટા પાપીઓને પણ, જો તેઓ પસ્તાવો કરીને તેના તરફ ફરે, તો તેમને આકર્ષે છે. જે લોકો પોતાને આત્મિક સમજે છે, અને ઈશ્વરના પ્રેમને આધીન થતા નથી, તેઓને ઈશ્વર પોતા તરફ ખેંચી શકતો નથી.

(૨) બાળકને માતા ચુંબન કરે છે, તે તેના પ્રેમનું બાહ્ય પ્રતીક છે. જો બાળક ચેપી રોગથી પીડાતું હોય, તો માતા ચુંબન કરવાથી દૂર રહે છે; આમ છતાં દુઃખિત બાળક તરફના પ્રેમમાં કોઈ ઓટ આવતી નથી, કારણ કે બાળકને તેના વધુ પ્રેમ અને સંભાળની જરૂર છે. આ જ પ્રમાણે બાહ્ય રીતે એમ લાગે કે, જેઓ પાપના ચેપી રોગથી પીડાય છે તેઓથી તે દૂર રહે છે, પરંતુ તેનો તેઓના તરફનો પ્રેમ માતાના બાળક તરફના પ્રેમ કરતાં પણ અધિક છે. (યશાયાહ ૪૯ : ૧૫). પરમેશ્વરના બીજા ગુણોની માફક તેની ધીરજ પણ અમર્યાદિત છે. એકાદ નાની સરખી ભૂલને કારણે પણ મનુષ્યો નાની કીટલીના પાણી માફક ક્રોધથી ઊકળે છે. ઈશ્વર આવું કરતો નથી. ઈશ્વર જો ક્રોધિત હોત, તો પૃથ્વી ક્યારની ખંડેર બની ગઈ હોત.

(૩) જો બે વ્યક્તિ એક જ વ્યક્તિ ઉપર પ્રેમ દાખવે, તો તેઓ હરીફ બનીને એકબીજાની અદેખાઈ કરવા માંડે. મનુષ્યના ઈશ્વર તરફના પ્રેમમાં આમ બનતું નથી. જે મનુષ્ય ઈશ્વર ઉપર પ્રેમ રાખે છે, તે જો બીજી વ્યક્તિઓ પણ ઈશ્વર તરફ પ્રેમ દાખવે

તો તેઓની ઈર્ષા કરતો નથી. એથી ઊલટું, જો તેઓ ઈશ્વર ઉપર પ્રેમ ન રાખે, તો તે દુઃખી થાય છે. મનુષ્યનો મનુષ્ય તરફનો પ્રેમ, અને મનુષ્યનો ઈશ્વર તરફના પ્રેમના આ મોટા તફાવતનું કારણ આ છે કે, ઈશ્વરનો પ્રેમ અસીમ છે. એક મનુષ્ય, તમામ મનુષ્યો જેઓ તેના પર પ્રેમ રાખે છે તેઓ તરફ એક સરખો પ્રેમ રાખી શકતો નથી, કારણ કે તેનો પ્રેમ મર્યાદિત છે. ઈશ્વરનો પ્રેમ અસીમ છે, અમર્યાદિત છે અને આથી સર્વને માટે તે પૂરતો છે.

(૪) પ્રભુ ઈસુ આપણામાં વાસો કરશે અને આપણું સમસ્ત જીવન તેના જેવું થઈ જશે. મીઠું પાણીમાં ઓગળવાથી જોઈ શકાતું નથી, છતાં તેનું અસ્તિત્વ ચાલી જતું નથી. પાણી ચાખવાથી મીઠાના અસ્તિત્વની આપણને ખાતરી થાય છે. આ જ રીતે હૃદયમાં સ્થાન લેનાર પ્રભુ ઈસુને જોઈ શકતા નથી, પરંતુ બીજાઓ માટે જે પ્રેમ તે આપણને આપે છે, તેની મારફતે આપણા હૃદયમાં તેની હાજરી તે સ્પષ્ટ કરે છે.

## ૮. વિચાર અને ચેતના

(૧) વિચાર આપણી ચેતનાઓની બાહ્ય છાપને ઊપસાવે છે, એટલું જ નહિ, પરંતુ આપણી ચેતનાઓ દ્વારા જે છાપ ઊપસે છે, તેનો આપણો માનસિક પ્રત્યુત્તર પણ છે. આ રીતે પરિપૂર્ણતાની પ્રાપ્તિ તરફની દિશામાં આપણા મગજની વૃદ્ધિ અને વિકાસનો આધાર બાહ્ય તેમ જ આંતરિક પરિસ્થિતિ ઉપર અવલંબે છે. વૃક્ષને પોતામાં જીવન હોય, પરંતુ તેનાં પાંદડાં ફૂટે, તેનાં ફૂલ ખીલે અને તેનાં ફળ પાકે તે અગાઉ તેને હવા, પ્રકાશ અને ગરમીની જરૂર પડે છે. વૃક્ષ આ રીતે પોતાની વૃદ્ધિ અને પરિપકવતાને માટે બાહ્ય તેમ જ આંતરિક પરિસ્થિતિ ઉંપર આધાર રાખે છે.

(૨) બાહ્ય ઈન્દ્રિયો દ્વારા આપણે બાહ્ય સૃષ્ટિને ઓળખીએ છીએ, અને આંતરિક ઈન્દ્રિય કે ચેતના દ્વારા આપણને આત્મિક સૃષ્ટિનું

ભાન થાય છે. મગજમાં કોઈપણ બાબતના વિચારનો ઉદ્ભવ એ ફક્ત મગજના અસ્તિત્વનો જ પુરાવો નથી, પરંતુ તે એ વસ્તુના અસ્તિત્વનું પણ પ્રમાણ છે જેને લીધે મગજમાં વિચાર ઉત્પન્ન થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો વિચાર, એ આપણા મગજમાં તે વસ્તુનું પ્રતિબિંબ છે. કોઈ વાર એ કાર્ય કરવાનો આપણો ઇરાદો પણ ન હોય, છતાં આપણે તે કાર્ય ઉપર વિચાર કરીએ છીએ એનો અર્થ એ થયો કે કોઈ બાહ્ય વસ્તુ આપણા મગજ ઉપર પ્રતિબિંબ પાડે છે. જ્યાં સુગંધ છે ત્યાં ફૂલ હોવાં જ જોઈએ. એ ફૂલોનું રૂપ અને રંગ આપણી આંખોથી છુપાયેલાં હોય, પરંતુ સુગંધ કહે છે કે, અહીં ફૂલો છે. વિચાર વસ્તુ સૂચવે છે. મગજ એક દર્પણ સમાન છે. દર્પણનાં પ્રતિબિંબો સામેની વસ્તુઓનું અસ્તિત્વ બતાવે છે. દર્પણને પસંદ હોય કે નહિ, પરંતુ તે વસ્તુઓનાં પ્રતિબિંબ તેના પર પડે જ છે. બીજી તરફ વિચારીએ તો, દર્પણમાં જીવન નથી, પરંતુ મગજ સજીવ છે. દર્પણ પ્રતિબિંબો સરજી શકે નહિ; તે તો કેવળ પ્રતિબિંબ જ પાડી શકે છે. પરંતુ મગજમાં વિચારોની ઉત્પત્તિ સ્વાભાવિક છે. મગજ એક દર્પણ સમાન છે જેમાં બાહ્ય વસ્તુઓનાં પ્રતિબિંબ પડે છે. કોઈ વાર મગજનો સ્વયં એવાં પ્રતિબિંબોમાં કોઈ ભાગ હોતો નથી. નિરાકાર વિચાર ચિણગારીઓ સમાન છે જે વાસ્તવિકતાની આગમાંથી ઊડે છે.

(૩) આપણા મગજનાં પ્રતિબિંબો સદાય વાસ્તવિકતા ઉપર આધારિત હોતાં નથી. તે જુદા જુદા લોકોને તેઓની જુદી જુદી શક્તિ પ્રમાણે જુદાં જુદાં દેખાય છે.

ઈશ્વર સંબંધી આપણા વિચારો અપૂર્ણ છે, પરંતુ તેની સમીપમાં સદાય રહેતાં આપણને તેના અસ્તિત્વનું ખરું ભાન થાય છે.

## ૯. તત્ત્વજ્ઞાન અને આંતરજ્ઞાન

(૧) સૈકાંઓથી તત્ત્વજ્ઞાનનો કોઈ વિકાસ થયો નથી એ બાબતનો સ્વીકાર કરવામાં આવ્યો છે. એ જ પુરાણી સમસ્યાઓ

અને એ જ પુરાણા ઉકેલોને નવા રૂપમાં અને નવા શબ્દોમાં દોહરાવવામાં આવે છે. આંખો ઉપર પટ્ટી બાંધેલો ઘાણીનો બળદ ભારતમાં આખો દિવસ ઘાણીની આસપાસ ફરતો રહે છે. સાંજે જ્યારે તેની પટ્ટી ખોલવામાં આવે છે, ત્યારે તે જોઈ શકે છે કે, જો કે તેણે થોડા તેલનું ઉત્પાદન કર્યું છે, પરંતુ લાંબી મુસાફરી કરી નથી, અને ફક્ત ગોળાકારમાં જ ફરતો રહ્યો છે. તત્ત્વજ્ઞાનીઓએ સૈકાંઓથી મુસાફરી કરી છે, પરંતુ પોતાના ધ્યેયને પહોંચી શક્યા નથી. તેઓએ આમતેમથી જે કંઈ થોડું ભેગું કર્યું છે તેમાંથી થોડું તેલ તેઓએ ઉત્પન્ન કર્યું છે, અને તે પોતાનાં પુસ્તકોમાં લખીને પાછળ મૂકતા ગયા છે. મનુષ્યની જરૂરિયાતનું સૂકાપણું દૂર કરવા આ તેલ પૂરતું નથી. આગળ વધવું તે તત્ત્વજ્ઞાનનું નહિ, પણ વિશ્વાસ અને આંતરજ્ઞાનનું કામ છે. આપણું જ્ઞાન ગમે તેટલું વિશાળ હોય, છતાં તે મર્યાદિત છે.

(૨) પોતાના જ્ઞાનથી તરસ છિપાવી શકાઈ નહિ, ત્યારે કેટલાક તત્ત્વજ્ઞાનીઓએ આપઘાતનો માર્ગ ગ્રહણ કર્યો. એમ્પીડોકલીસ નામનો તત્ત્વજ્ઞાની પોતાના જ્ઞાનની તરસ છિપાવવા માટે કુદરતી મરણ ભોગવ્યા વગર દેવોની સંગત માણવા એટનામાં આવેલ જ્વાળામુખીના મુખમાં કૂદી પડ્યો હતો. એક ખગોળશાસ્ત્રીએ દરિયાની ભરતીનાં મોજાંઓની અજાયબ ચાલ પારખવામાં નિષ્ફળ જતાં, ઊછળતાં મોજાંઓમાં કૂદી પડીને પાણીના ઊંડાણને પોતાની કબર બનાવી. આવા મનુષ્યોએ સૃષ્ટિમાં રહીને સૃષ્ટિના સરજનહારની શોધ આદરવાને બદલે, તત્ત્વજ્ઞાનનો આસરો લીધો, અને આમ પોતાને અને સરજનહારને ગુમાવી બેઠા. આમ જોઈ શકાશે કે, જો કે તત્ત્વજ્ઞાન વાસ્તવિકતાની શોધ કરે છે, છતાં તે નિષ્ફળતાને વરે છે. કોઈ પણ વ્યક્તિ બૌદ્ધિક રીતથી વાસ્તવિકતાને પામી શકતી નથી. જો કે તે એમ માનતી હોય કે, પોતાના જ્ઞાન વડે તે વાસ્તવિકતાને ઓળખી શકશે, તો તે ભૂલ કરે છે. એક વસ્તુનું પૂર્ણ જ્ઞાન પામવું એનો

અર્થ સમસ્ત સૃષ્ટિનું જ્ઞાન મેળવવાનો થાય છે; કારણ કે એક વસ્તુનો સંબંધ બીજી તમામ વસ્તુઓ સાથે હોય છે, અને એક વસ્તુનું જ્ઞાન મેળવવા તેણે તમામ વસ્તુઓનું જ્ઞાન સંપાદન કરવું આવશ્યક છે. અહીં આપણે વાસ્તવિકતા આગળ ઝૂકવું પડે છે, અને વિશ્વાસથી આગળ પ્રયાણ કરવું પડે છે.

(૩) આંતરજ્ઞાન આંગળીના ટેરવા માફક અત્યંત સંવેદનશીલ છે, અને એક સ્પર્શમાત્રથી તેને વાસ્તવિકતાનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. એમ બની શકે કે, આંતરજ્ઞાન આને માટે તર્કરૂપી પ્રમાણ ન આપી શકે, પરંતુ તે પૂરી દૃઢતાથી કહે છે કે, "હું સંપૂર્ણ રીતે સંતોષી છું. આવી શાંતિ કેવળ વાસ્તવિકતા મારફતે જ પામી શકાય, અને આથી મને વાસ્તવિકતા મળી ચૂકી છે." હૃદય પાસે એવી દલીલ હોય છે જે વિષે મગજ તદ્દન અજ્ઞાન છે. એક ફૂલ વિષે પૂરું જ્ઞાન મેળવવા ઘણો સમય લાગે છે, પરંતુ એક ક્ષણમાત્રમાં જ તેની સુગંધથી મન પ્રફુલ્લિત બને છે. આંતરજ્ઞાન પણ આ જ રીતે કાર્ય કરે છે.

## ૧૦. સંપૂર્ણતા

(૧) કુદરતના નિયમો અનુસાર, સંપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે, ધીમે ધીમે અને તબક્કાવાર આગળ વધવું આવશ્યક છે. આ જ માત્ર એક માર્ગ છે જે દ્વારા આપણે આપણી જાતને આપણા નિર્મિત ભાવિ જેને માટે આપણને ઉત્પન્ન કરવામાં આવ્યાં છે, તેને માટે યોગ્ય અને તૈયાર કરી શકીએ છીએ. આકસ્મિક યા ઉતાવળિયો વિકાસ આપણને દુર્બળ અને અપૂર્ણ બનાવે છે. લેપલેન્ડમાં જવ જે માત્ર થોડાં જ અઠવાડિયાંમાં ઊગી નીકળે છે તેમાં એટલી પૌષ્ટિકતા નથી હોતી જેટલી ઘઉંમાં હોય છે જેને તૈયાર થતાં છ માસ લાગે છે. વાંસનો છોડ દરરોજ ૩ ફૂટ જેટલો વધે છે, અને ૧૮૫ ફૂટની ઊંચાઈએ પહોંચે છે, પરંતુ અંદરથી તે ખાલી અને પોલો હોય છે. આથી સંપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે ધીમી અને ક્રમિક પ્રગતિ આવશ્યક છે.

(૨) સંપૂર્ણતા કેવળ પૂર્ણ વાતાવરણમાંથી જ પ્રાપ્ત થાય છે, એ સત્ય હકીકત છે. પરંતુ સંપૂર્ણ વાતાવરણમાં પ્રવેશતાં પહેલાં, આપણે અપૂર્ણ વાતાવરણમાંથી પસાર થવું પડે છે, જ્યાં આપણે પ્રયાસ અને સંઘર્ષ કરવા પડે છે. જેવી રીતે રેશમના કીડાનો કોશેટાની અંદરનો સંઘર્ષ તેને બહાર નીકળીને સુંદર પતંગિયું બનવામાં પરિણમે છે, તેવી રીતે સંઘર્ષ આપણને સંપૂર્ણ વાતાવરણ માટે તૈયાર અને બળવાન બનાવે છે. આપણે જ્યારે પૂર્ણતાની કક્ષાએ પહોંચીએ છીએ, ત્યારે આપણે જોઈ શકીએ છીએ કે, જે બાબતો આપણને અવરોધરૂપ હતી, તે એક રહસ્યમય રીતે આપણને પૂર્ણતાએ પહોંચવામાં મદદરૂપ બની છે.

(૩) મનુષ્યમાં અસંખ્ય ગુણોનાં બીજ હોય છે જેનો આ પૃથ્વી ઉપર વિકાસ થઈ શકતો નથી; કારણ કે અહીંનાં સાધનો તેની પૂર્ણતા તરફની વૃદ્ધિ અને પ્રગતિને અનુકૂળ હોતાં નથી. આવનાર બીજી દુનિયામાં તેઓને સંપૂર્ણતા હાંસલ કરવા માટેના વાતાવરણની જરૂર પડશે, પરંતુ વૃદ્ધિની શરૂઆત અહીંથી થવી જોઈએ. આમ છતાં આપણે સંપૂર્ણતાને પહોંચીશું ત્યારે કેવા હોઈશું તે વિસ્તૃત રીતે કહેવું અત્યારે ઘણું વહેલું ગણાશે. પરંતુ જેવો આપણો આકાશમાંનો બાપ સંપૂર્ણ છે તેવા આપણે સંપૂર્ણ થઈશું. (માથ્થી ૫ : ૪૮).

(૪) આ પૃથ્વી ઉપર કોઈ વાસ્તવિક સ્થાન નથી. પાપને કારણે શાંતિ છિન્નભિન્ન થઈ ચૂકી છે. ખરી અને અનંત શાંતિ તે ફક્ત "શાંતિના સરદારથી" જ પ્રાપ્ત થાય છે. પાણી ઊંચાઈએથી નીચે વહે છે, અથવા પાતાળમાંથી ફૂટી નીકળી પોતાની સપાટી અને શાંત અવસ્થા શોધી લે છે. એ જ પ્રમાણે મનુષ્યને પોતાના અહંકારની ઊંચાઈએથી નીચે ઊતરી, અને પોતાની પાપરૂપી ખીણમાંથી ઊંચે આવવું આવશ્યક છે જેથી પોતાની સપાટીએ આવી પૂર્ણ શાંતિ પામી શકે.

(૫) રૂપાંતરના પહાડ ઉપર શિષ્યો જો કે પૂર્ણતાની સપાટીએ પહોંચ્યા ન હતા, છતાં પ્રભુ ઈસુ, એલીયાહ અને મુસાની સંગતથી એવો આનંદ અનુભવ્યો કે, તેઓએ ત્યાં ત્રણ માંડવા બાંધીને ત્યાં જ નિવાસ કરવાની ઇચ્છા વ્યક્ત કરી. (માથ્થી ૧૭ : ૩-૪). તો પછી જ્યારે આપણે પૂર્ણતાએ પહોંચીશું, ત્યારે સ્વર્ગમાં સદાને માટે આપણા પ્રભુની અને સંતો તથા દૂતોની કેટલી વિશેષ સંગત ભોગવીશું !

## ૧૧. વાસ્તવિક પ્રગતિ અને સફળતા

(૧) જો મનુષ્યો સભ્ય રાજ્યોની બાહ્ય રીતભાતો અને રહેણી-કરણી અપનાવે, અને પ્રગતિનાં સાધનોના પાયાના સિદ્ધાંતોની ઉપેક્ષા કરે, તો પરિણામ વિનાશ હશે.

આ પૃથ્વીની સરકારો, સ્વર્ગીય સરકાર જેનો સમ્રાટ પરમેશ્વર છે તેની નકલ છે. આથી જ્યાં સુધી પરમેશ્વર જે સઘળી ભલાઈનું મૂળ અને વ્યવસ્થાનો સ્વામી છે, તે વહીવટકર્તાઓ અને પ્રજાજનોનાં હૃદયોમાં રાજ્ય ન કરે, ત્યાં સુધી આ પૃથ્વી પરની સરકારનો વિનાશ નિશ્ચિત છે. કેટલાક ઈશ્વર રહિતનું નૈતિક જીવન જીવવા ચાહે છે, પરંતુ તેઓ ભૂલી જાય છે કે, ઈશ્વર રહિતનાં તમામ નૈતિક મૂલ્યો પોલાં અને નિર્જીવ છે.

(૨) આત્મિક પ્રગતિ વિનાની સાંસારિક પ્રગતિ કૃત્રિમ અને જૂઠી છે, કારણ કે સાંસારિક પ્રગતિ બીજાઓને નુકસાન પહોંચાડ્યા વિના મેળવી શકાતી નથી. મનુષ્ય શરતમાં દોડે છે, પરંતુ એક જ વ્યક્તિ બીજાઓને પાછળ રાખી દઈને ઈનામ જીતે છે. તેઓની હાર તેની જીત બને છે. એક વેપારી બીજાઓને ભોગે માલદાર બની જાય છે; બીજી બાજુ, આત્મિક વિકાસ વાસ્તવિક છે, કારણ કે એક વ્યક્તિનો વિકાસ બીજી વ્યક્તિઓની સફળતા અને સહાયતા ઉપર આધારિત

છે. અનુભવ સાબિત કરે છે કે, જે વ્યક્તિ બીજાઓની ભલાઈ માટે કાર્ય કરે છે, તે અજાણતાં પણ પોતાની જાતને જ સહાયતા કરે છે.

## ૧૨. વધસ્તંભ

(૧) આપણને વધસ્તંભ પસંદ પડે કે નહિ, પરંતુ આપણે તેનાથી છટકી શકતા નથી. જો આપણે પ્રભુ ઈસુનો વધસ્તંભ ન ઊંચકીએ, તો આપણને સંસારનો વધસ્તંભ ઊંચકવો પડશે. શરૂઆતમાં પ્રભુ ઈસુનો વધસ્તંભ ભારે અને સંસારનો હલકો લાગે છે, પરંતુ અનુભવ બતાવે છે કે, વાસ્તવિક રીતે સંસારનો વધસ્તંભ ઘણો ભારે છે, અને તે ઊંચકીને ચાલવાનું પરિણામ જેમ રોમન સરકારમાં થતું હતું તેમ એક ગુલામનું મોત છે. પરંતુ પ્રભુ ઈસુએ પોતાનો વધસ્તંભ મહિમાવંત કર્યો. અગાઉ વધસ્તંભ એક નામોશી અને મરણનું ચિહ્ન લેખાતો હતો, પરંતુ હવે તે વિજય અને જીવન બતાવે છે. જેઓ આ વધસ્તંભ ઊંચકે છે તેઓ અનુભવથી જાણે છે કે, વધસ્તંભ તેઓને ઊંચકે છે, અને પોતાના અંતિમ મુકામ તરફ સહીસલામત પહોંચાડે છે. સંસારી વધસ્તંભ આપણને નીચે ખેંચીને વિનાશમાં પહોંચાડે છે. તમે કયો વધસ્તંભ ઊંચકો છે? થોભો અને વિચારો.

(૨) જુદા જુદા લોકો માટે વધસ્તંભ તેઓના કાર્ય અને આત્મિક સ્થિતિ પ્રમાણે જુદો જુદો હોય છે. બહારથી તે ખીલાઓથી ભરેલો દેખાય છે, પરંતુ તેની પ્રકૃતિમાં તે મધુર અને શાંતિદાયક છે. મધમાખીને ડંખ હોય છે, છતાં તે મીઠું મધ પેદા કરે છે. બાહ્ય કઠણાઈઓ અને ભયને કારણે આપણે વધસ્તંભનો મહાન આત્મિક આશીર્વાદ ન ગુમાવવો જોઈએ.

(૩) એક અજ્ઞાન મુસાફર પહાડો ચડી-ઊતરીને મુસાફરીમાં થાકી જવાથી વિચારે છે કે, ઈશ્વરે પહાડો ઉત્પન્ન કરવામાં ભૂલ કરી છે, અને ફક્ત સપાટ મેદાનો જ હોત તો ઘણું સારું થાત.

આનો અર્થ એ થાય કે, તે મુસાફર પહાડોના લાભાલાભ અને તેમાં ભરેલ અમૂલ્ય ખજાનાથી અજ્ઞાન છે. પહાડો પાણીનો પ્રવાહ ચાલુ રાખે છે, અને જેમ શરીરમાં લોહીનું વહેતા રહેવું જેટલું અગત્યનું છે તેટલું પહાડોમાંથી પાણીનું વહેવું છે. આ જ રીતે સંસારની ચડતી-પડતી અને વધસ્તંભ ઊંચકીને ચાલવાની કઠણાઈઓ આપણા આત્મિક જીવનના પ્રવાહને ફરતો રાખે છે, અને બંધિયાર બનતો અટકાવીને આત્માને અસંખ્ય આશીર્વાદ પમાડે છે.

(૪) પ્રથમ વિશ્વયુદ્ધ સમયે ફળદ્રુપ જગ્યાઓમાં ખાઈઓ ખોદવામાં આવી હતી, અને ખેતરોને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. આ ખાઈઓમાં થોડા સમય બાદ સુંદર ફૂલ અને ફળ જોવામાં આવ્યાં. જાણવા મળ્યું કે, જમીન ફળદ્રુપ હતી, પરંતુ અંદરની જમીન એથી પણ વધુ ફળદ્રુપ હતી. આ જ રીતે જ્યારે આપણે વધસ્તંભ ઊંચકીએ છીએ અને દુઃખ ભોગવીએ છીએ, ત્યારે આત્માની છુપાયેલી સંપત્તિ પ્રકાશમાં આવે છે. આપણને વિનાશની જે પ્રતિક્રિયા દેખાય છે તેથી નિરાશ ન થવું જોઈએ, કારણ કે તે આપણા આત્માની છુપાયેલી ને અગાઉ ઉપયોગમાં ન લેવાયેલી શક્તિઓને કાર્ય કરવા પ્રેરણા આપે છે.

(૫) સ્વીટઝરલેન્ડમાં એક ભરવાડે એક ઘેટાનો પગ ભાંગી નાખ્યો. જ્યારે આમ કરવાનું કારણ તેને પૂછવામાં આવ્યું ત્યારે તેણે જણાવ્યું કે, એ ઘેટાને બીજાં ઘેટાંઓને અવળે રસ્તે અને જોખમકારક ઊંચાઈએ અને શિખરો ઉપર દોરી જવાની ખરાબ ટેવ હતી ઘેટું આથી એટલું ગુસ્સે ભરાયું હતું કે જ્યારે ભરવાડ તેને ખવડાવવાને પાસે આવતો ત્યારે કોઈવાર ઘેટું ભરવાડને બચકું ભરી લેતું. પરંતુ થોડા વખત પછી તે તેનો મિત્ર બની ગયું, અને તેનો હાથ ચાટવા લાગ્યું. આ જ રીતે જે લોકો અનાજ્ઞાંકિત અને વિદ્રોહી છે તેઓને દુઃખ અને યાતના દ્વારા ઈશ્વર સલામત અને અનંતજીવનના માર્ગે દોરી જાય છે.

(૬) ઠંડીમાં પ્રત્યેક વાયુ સૂર્યનાં કિરણોનો પ્રકાશ ગ્રહણ કરે

છે, અને ગરમીમાં તે બહાર કાઢે છે. આ પ્રમાણે જ્યારે આપણે આત્મિક રીતે ઠંડા હોઈએ છીએ, ત્યારે ન્યાયીપણાનો સૂર્ય આપણી આસપાસ સતત પ્રકાશતો હોય, છતાં અંધકારમાં જીવીએ છીએ. પરંતુ જ્યારે પવિત્ર આત્માનો અગ્નિ વધસ્તંભના ઘર્ષણથી પ્રજ્વલિત થાય છે, અને આત્મિક ગરમી પેદા થાય છે, ત્યારે પ્રથમ આત્મિક કિરણો દ્વારા આપણે પોતે પ્રકાશિત બનીને છીએ, અને પછી બીજાઓને પણ આ પ્રકાશ પહોંચાડીએ છીએ.

(૭) જ્યાં સુધી હીરાને કાપવામાં આવતા નથી ત્યાં સુધી ચમકતા નથી. જ્યારે કાપવામાં આવે છે, ત્યારે સૂર્યનાં કિરણો તેના ઉપર પડે છે અને તેઓમાં જુદા જુદા રંગોની મનોહર ચમક ઉત્પન્ન થાય છે. આ પ્રકારે જ્યારે વધસ્તંભ દ્વારા આપણને કાપીને સુંદર આકારમાં ફેરવવામાં આવશે, ત્યારે આકાશના રાજ્યમાં આપણે હીરાઓની માફક ચમકીશું.

## ૧૩. સ્વતંત્ર ઇચ્છા

(૧) આપણી અંદર ભલા અને ભૂંડા વચ્ચેનો તફાવત ઓળખવાની, અને એમાંથી ગમે તે પસંદ કરવાની શક્તિ છે. આનો અર્થ એ કે, આપણી આ મર્યાદાની અંદર આપણે આપણી ઇચ્છાનુસાર કાર્ય કરવાને મુક્ત છીએ. જો આમ ન બને, તો ભલું-ભૂંડું પારખવાની આપણી શક્તિનો કોઈ અર્થ નથી. સ્વાદેન્દ્રિય દ્વારા આપણે કડવો-મીઠો સ્વાદ પારખી શકીએ છીએ. આપણે જે ઇચ્છીએ તે ખાવાને આપણે મુક્ત ન હોત, તો સ્વાદેન્દ્રિયનો કોઈ અર્થ હોત નહિ. આપણે વિરોધી કાર્ય કરી શકીએ એ માટે નહિ, પરંતુ કાર્ય કરી શકીએ તે માટે આપણે સ્વતંત્ર છીએ.

ઉદાહરણ તરીકે, જો મારામાં એકસો રતલ વજન ઊંચકવાની શક્તિ હોય, તો હું પૂરું વજન કે તેનો અમુક ભાગ ઊંચકવા સ્વતંત્ર છું. જો વજન એકસો રતલ કરતાં વધુ હોય, તો તે મારી શક્તિ

અને જવાબદારીની બહાર છે. એ બોજો ન ઊંચકી જવાને હું મુક્ત છું, કારણ કે જેણે મારા ઉપર વજન મૂક્યું છે તે ચાહતો નથી કે, મારી શક્તિ-મર્યાદાથી વિશેષ ભાર હું ઉપાડું. આ બન્ને બાબતોમાં સ્વતંત્રતા છે. મારી શક્તિ પ્રમાણેનું કાર્ય જો હું કરતો નથી, તો મારે મારી ત્રૂટી અને બેપરવાઈને કારણે દુઃખ સહન કરવું પડશે, કારણ કે મને આપેલ શક્તિનો મેં દુરુપયોગ કર્યો છે.

(૨) દુષ્ટતા અને અપરાધ ગુનેગારોને સજા કરવાથી મિટાવી શકાતાં નથી. જો આ શક્ય હોત, તો તમામ જેલ બંધ કરવી પડત. ગુનેગારોને કડવી સજા કરવા છતાં આપણે કોઈ પ્રકારનો સુધારો જોઈ શકતા નથી. જ્યાં સુધી દરેક વ્યક્તિ પોતાની ઇચ્છા પ્રમાણે દુષ્ટતાને પોતાની તમામ શક્તિથી હઠાવવાનો પ્રયત્ન ન કરે, ત્યાં સુધી પૃથ્વીના પટ ઉપરથી દુષ્ટતા દૂર કરવી શક્ય નથી. બીજાઓ દ્વારા થતો બળ-પ્રયોગ કોઈ અસર ઉપજાવતો નથી. ઈશ્વર ખૂનીને હાથ પકડીને રોકતો નથી, કે જૂઠું બોલનારનું મોં બંધ કરતો નથી; કારણ કે મનુષ્યની સ્વતંત્ર ઇચ્છાશક્તિમાં તે ડખલ કરવા માંગતો નથી. જો ઈશ્વર આ રીતે વર્તે, તો મનુષ્ય એક યંત્ર બની રહે, અને તે સત્યની કદર કરી શકે નહિ, અને સત્યતાથી વર્તવામાં આનંદ માણી શકે નહિ; કારણ કે સ્વતંત્ર ઇચ્છાથી કરેલ કાર્યનું પરિણામ આનંદ છે.

(૩) દુનિયા એક રીતે પરમેશ્વરની વિદ્રોહી છે, અને જે લોકો પ્રભુ ઈસુની પાછળ ચાલવાનું પસંદ કરે છે તેઓને ગુલામ બનાવે છે. ઈશ્વરની કૃપાથી જ્યારે તેઓ દુનિયાની સત્તા અને બંધનમાંથી મુક્ત બને છે, અને સ્વર્ગીય સ્થાનમાં પ્રવેશ કરે છે ત્યારે દુનિયા પોતે જ તેઓની ગુલામ બને છે, કારણ કે તેને ભાન થાય છે કે, જે જીવંત શક્તિએ તેનું સર્જન કર્યું છે તેની સાથે તેઓએ સંબંધ જોડ્યો છે. આમ, તેઓને જીતવાને બદલે તે તેઓથી પરાજિત થાય છે. જેઓ પોતાની સ્વતંત્ર ઇચ્છાથી ઈશ્વર ઉપર પ્રેમ કરીને તેની સેવા કરે છે તેઓને ઈશ્વર સદાને માટે પૂર્ણ સ્વતંત્રતા બક્ષે છે.

## ૧૪. સ્વાસ્થ્યના નિયમો

(૧) શારીરિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યના નિયમો ખુદ સ્વાસ્થ્ય માટેનાં સાધનો છે. સિદ્ધાંતો કેવળ નિયુક્ત સાધનો છે જે દ્વારા ખાસ ધ્યેયને પહોંચી શકાય છે. ઉદાહરણ તરીકે, રૂપિયા પોતે જ કોઈ કામના નથી; તે તો આપણને જે વસ્તુઓની જરૂર છે તે મેળવવાનું સાધન છે.

જો સંયમ સાથે ઉપયોગ કરીએ તો સંગીત, સુગંધ, સ્વાદિષ્ટ ભોજન, પ્રકાશ અને ગરમી દ્વારા આપણને આનંદ પ્રાપ્ત થાય છે. જો યોગ્ય પ્રમાણમાં આ ચીજો આપણને પ્રાપ્ત થતી નથી, તો તેની આપણને ખોટ સાલે છે; અને જો વધુ પ્રમાણમાં મળે, તો આપણે દુઃખી થઈએ છીએ. ઈશ્વરે આપણને બાહ્ય અને આંતરિક ચેતના આપી છે જેથી આવનાર ભયથી તેઓ આપણને ચેતવે અથવા વાસ્તવિક આનંદનું ભાન કરાવે. પીડા થવી એ એક એવું લક્ષણ છે જે બતાવે છે કે, આપણા શરીર અથવા મગજમાં કોઈ ગરબડ થઈ છે. વિશ્રામ અને આનંદ, વાસ્તવિકતાના નિયમોને આધીન થયાનું પરિણામ છે.

(૨) કુદરતના નિયમોનો વિરોધ કરવાથી, કુદરત આપણી વિરોધી બનશે. કુદરતના નિયમ અનુસાર જો આપણે જીવન જીવીએ, તો આપણને હાનિ કરવાને બદલે, જે સંપૂર્ણ સ્વાસ્થ્ય આપણને પમાડવાની ઈશ્વરની ઇચ્છા છે તે પ્રાપ્ત કરવાને સહાયરૂપ બને છે. સંપૂર્ણ સ્વાસ્થ્ય મેળવતાં, જે મેળવવાની આપણા આત્માની પ્રારંભિક ઝંખના હોય છે, તેવો ઈશ્વરમાં અનંત આનંદ પ્રાપ્ત કરી શકીશું.

## ૧૫. અંતઃકરણ

(૧) અંતઃકરણ આપણી અંદર એક નૈતિક નિયમ અથવા ચેતના છે. જંતુઓ સિવાય બીજાના વ્યક્તિત્વમાં તે કુદરતી કે જન્મસિદ્ધ

નથી. તેને શિક્ષણ, તાલીમ, વ્યાયામ અને ટેવની આવશ્યકતા છે: તેના વિકાસમાં વાતાવરણનો પણ મોટો ફાળો છે.

જેવી રીતે આપણામાં સૌંદર્ય-મીમાંસાનો એક ગુણ છે જેની મારફતે આપણે સુંદરતા અને કુરૂપતાનો તફાવત જાણી શકીએ છીએ, તે પ્રમાણે અંતઃકરણ ભલું-ભૂંડું પારખવામાં આપણી સહાયતા કરે છે.

(૨) શરીરના કોઈ અવયવની પીડા આપણને ભયની ઘંટડીના એક અવાજ સમાન છે. આ જ પ્રમાણે આત્માની વ્યાકુળતા અને પીડા પાપનું પરિણામ છે. શરીરમાં સ્પર્શેન્દ્રિય માફક અંતઃકરણ આપણને આવનાર ભય અને વિનાશની ચેતવણી આપે છે, અને તારણ માટેનાં અગત્યનાં પગલાં લેવા સૂચવે છે.

(૩) સમુદ્રકિનારે પહોંચનાર વહાણો, દીવાદાંડી યા ખડકો યા જમીનની રૂપરેખા જોઈને તેઓ ક્યાં છે તે જાણી શકે છે; પરંતુ જે વહાણો દૂર ભરસમુદ્રમાં છે તેઓ માત્ર હોકાયંત્ર અથવા તારાની મારફતે માર્ગ શોધી શકે છે. આ જ રીતે આપણા આત્માની ઈશ્વર તરફની સમુદ્ર-યાત્રામાં અંતરઆત્મા અને પવિત્ર આત્માની સહાયની ખાસ જરૂર પડે છે જેથી આમતેમ ભટકી ગયા સિવાય સીધા જ આપણે માટે મુકરર કરેલા સ્થાને પહોંચીએ.

## ૧૬. પરમેશ્વરની આરાધના

(૧) એવા મનુષ્યો ભાગ્યે જ જોવામાં આવે છે જેઓ ઈશ્વરની કે બીજી કોઈ શક્તિની આરાધના ન કરતા હોય. નાસ્તિકો અથવા વૈજ્ઞાનિકો, જેઓ ભૌતિકવાદથી ભરપૂર દેખાય છે, તેઓ જો ઈશ્વરની નહિ, તો કોઈ મહાન વ્યક્તિઓ યા અભિનેતાઓ અથવા કોઈ આદર્શ જે શક્તિના રૂપમાં દેખાય છે, તેની આરાધના કરતા હોય છે. ગૌતમ બુદ્ધે, ઈશ્વર વિષે કોઈ શિક્ષણ આપ્યું નથી, પરિણામે તેના અનુયાયીઓ તેની જ ઉપાસના કરવા લાગ્યા. ચીનમાં લોકો

પોતાના પૂર્વજોની ઉપાસના કરે છે, કારણ કે ઈશ્વરની આરાધના કરવાનું શિક્ષણ તેમને મળ્યું નથી. અભણ લોક પણ કોઈ શક્તિ કે આત્માની આરાધના કરતા જોવામાં આવે છે. ટૂંકમાં કહીએ તો મનુષ્યોને કોઈની પણ ઉપાસના કર્યા વગર ચાલતું નથી. ઉપાસનાની ઇચ્છા જેમાંથી લોકો બાકાત રહી શકતા નથી તે ઈશ્વરે જ મનુષ્યમાં ઉત્પન્ન કરી છે જેથી કરીને એ દ્વારા તેઓ તેના સરજનહારની સાથે સંબંધ જોડી શકે, યા ઈશ્વર સાથેની અનંત સંગતમાં પ્રફુલ્લ રહે.

(૨) જે લોકો પોતાના જિદ્દીપણાને લઈને ઈશ્વર ઉપર વિશ્વાસ કરતા નથી, તેઓ સમક્ષ ઈશ્વરી રચના અને સુવ્યવસ્થા સંબંધી અનેક તર્ક અને પ્રમાણ તેના અસ્તિત્વ માટે રજૂ કરવામાં આવે, આમ છતાં તેઓ ઈશ્વરને પોતાને જુએ તોપણ તેના ઉપર વિશ્વાસ કરશે નહિ. આને માટે બે કારણો આપી શકાય. ઈશ્વર પોતાને તેઓ સમક્ષ પ્રગટ કરે, અને પોતાના દેવત્વની સાબિતી કરવા માટે દૈવી પ્રમાણો આપે, છતાં તેઓ એ સમજવામાં અસફળ રહેશે; કારણ કે આવાં પ્રમાણ અને તર્ક તેઓના માનવ તર્કશાસ્ત્ર અને ફિલસૂફી કરતાં ઉચ્ચ કક્ષાનાં હશે. બીજી બાજુ, ઈશ્વર જો મનુષ્યના જ્ઞાનના સિદ્ધાંતો મારફતે પ્રમાણ આપે છતાં તેને તેઓ એમ કહીને ધિક્કારશે કે, 'અમે આ બધું જાણીએ છીએ. ઈશ્વર અમારા કરતાં કંઈ વિશેષ નથી; કારણ કે તેના તર્કો પણ આપણા જેવા જ છે. તેનો કદાચ મનુષ્ય કરતાં થોડો ઊંચો દરજ્જો છે એટલું જ, પણ તેથી વિશેષ કંઈ જ નહિ.'

(૩) મનુષ્ય, સૃષ્ટિનો એક ભાગ અને તેને પ્રતિબિંબિત કરતો એક અરીસો છે. આથી દશ્ય અને અદશ્ય રૂપમાં સૃષ્ટિનું પ્રતિબિંબ તેનામાં પડે છે. આ પૃથ્વી ઉપર તે જ એક એવું પ્રાણી છે જે સર્જનની વ્યાખ્યા કરી શકે છે. એમ કહી શકાય કે તે કુદરતની ભાષા છે. કુદરત બોલે છે પરંતુ શાંત રહીને, અને મનુષ્ય કુદરતના આ શાંત ઉદ્‌ગારો શબ્દોમાં રજૂ કરે છે.

(૪) મનુષ્ય એક મર્યાદિત જીવ છે અને આથી જ તેની આંતરિક અને બાહ્ય ચેતનાઓ મર્યાદિત છે. આ કારણથી તે સૃષ્ટિ-સર્જકની તમામ રચનાઓનો ભેદ પામી શકતું નથી; એ બધું સમજવા માટે તેને અસંખ્ય ચેતનાઓની આવશ્યકતા છે. આપણી થોડી ઇંદ્રિયો, સૃષ્ટિ અને પ્રકૃતિની થોડી જ બાબતો સમજી શકે, અને તે પણ પૂર્ણ રીતે નહિ જ. આ તમામ મર્યાદાઓ હોવા છતાં હૃદયમાં વાસ્તવિકતાની એક ધારણા હોય છે જે બુદ્ધિથી સ્વતંત્ર છે અને જેની યોગ્યતા બુદ્ધિ દ્વારા સમજી શકાતી નથી. મનુષ્યની આંખ જો કે નાની છે, છતાં દૂર સુધી જોઈ શકે છે, અને જ્યાં મનુષ્ય પોતે જઈ શકતું નથી, ત્યાં પણ પહોંચે છે. તે તારા અને ગ્રહો જે લાખો માઈલ દૂર હોય છે તે જોઈ શકે છે, તેમની હિલચાલ જાણી શકે છે, અને તેમના પ્રકાશનો આનંદ લૂંટી શકે છે. આ જ રીતે હૃદય-ચક્ષુઓ, ઈશ્વરની ગહન બાબતો જોઈ શકે છે, અને તે આંતરિક દૃષ્ટિ તેઓને તેની આરાધના કરવા પ્રેરણા આપે છે, અને તેનામાં જ તેના હૃદયની જરૂરિયાતો પૂર્ણ રીતે સદા સંતુષ્ટ બને છે.

## ૧૭. વાસ્તવિકતાની શોધ

(૧) પૂર્વના દૂર દેશના માગીઓને એક તારાએ માર્ગદર્શન આપીને, ન્યાયીપણાના સૂર્ય સુધી પહોંચાડ્યા. આ માણસો જેઓ દૂર દેશથી આવ્યા હતા, તેઓએ ન્યાયીપણાના રાજાનું દર્શન અને ભજન કરીને પોતાના હૃદયની ઇચ્છાઓ પૂરી કરી, જ્યારે તેની પોતાની કોમના યહૂદી લોકોએ તેનો નકાર કર્યો, અને તેને વધસ્તંભે જડીને આત્મિક આશીર્વાદ ગુમાવ્યો. પૂર્વ અને પશ્ચિમના લોકો વાસ્તવિકતાની શોધ અર્થે તેની પાસે જાય છે, અને જ્યારે તે તેઓને મળે છે, ત્યારે તેનું પૂરા આત્મા અને હૃદયથી ભજન કરીને તેના ચરણોમાં પોતાની જાતનું સ્વાર્પણ કરે છે. આ સ્વાર્પણ મારફતે તેના રાજ્યમાં તેઓ અનંતજીવનનો વારસો પામે છે. ખ્રિસ્તીઓ, જેઓ એક રીતે તેના પોતાના લોક છે તેઓ શબ્દો અને કાર્યમાં તેનો

નકાર કરે છે, અને અકથનીય નુકસાન ભોગવે છે. પૂર્વના માગીઓ પ્રભુ ઈસુનો ઉપદેશ સાંભળવા, તેના ચમત્કારો જોવા, તેના વધસ્તંભનું મરણ અને તેનું પુનરુત્થાન અને સ્વર્ગારોહણ જોવા સુધી રોકાઈ શક્યા નહિ, અને આથી દુનિયાને આપવા તેઓ પાસે કોઈ સંદેશો ન હતો. આ જ પ્રમાણે કેટલાક શોધકો વાસ્તવિક રીતે આપણા પ્રભુ ઈસુ સાથે આશીર્વાદિત સંગત ભોગવતા નથી. તેઓને તેના જીવનદાયક અને જીવનતારક પરાક્રમનો અનુભવ નથી અને તેથી દુનિયા માટે તેઓ પાસે કોઈ સંદેશો નથી.

(૨) 'કેમકે જેની પાસે છે તે દરેકને અપાશે, ને તેને ઘણું થશે; પણ જેની પાસે નથી, તેની પાસે જે છે તે પણ તેની પાસેથી લઈ લેવામાં આવશે.' (માથ્થી ૨૫ : ૨૯). જે વ્યક્તિ પાસે કંઈ નથી, તેની પાસેથી કઈ રીતે લઈ લેવાશે? તે વ્યક્તિ પાસે કોઈ તાલંતો કે જવાબદારીભર્યું કામ નહિ હોય, કારણ કે તેની બેપરવાઈને કારણે આ બાબતો તેની પાસેથી લઈ લેવામાં આવી છે. આમ છતાં, એક વસ્તુ તેની પાસે રહેવા દેવામાં આવી હતી, અને તે તો વાસ્તવિક અને અવાસ્તવિકતાનો તફાવત. હવે આ તફાવત જોવાની શકિત પણ તેની પાસેથી લઈ લેવામાં આવે છે, કારણ કે તે તેનો ઉપયોગ કરતી નથી. હવે તેનું અંતઃકરણ શૂન્યતા ભોગવીને મૃત્યુ પામે છે. તેની પાસે હવે કંઈ જ બાકી રહેતું નથી.

(૩) કેટલાક લોકો એવા છે કે, તેઓની પરખશક્તિ એવી મૃત હોય છે કે, જ્યારે તેઓનાં વૈજ્ઞાનિક સાધનો સૃષ્ટિમાં જીવની ઉત્પત્તિ શોધવામાં નિષ્ફળ નીવડે છે, ત્યારે ઈશ્વરનું અસ્તિત્વ જે જીવનનું મૂળ છે, તેના પર વિશ્વાસ કરવાને બદલે એવા વિચાર દર્શાવે છે કે, ઉલ્કામાંથી જીવાણુ પૃથ્વી ઉપર પડયા હોય જે બિલકુલ અશક્ય બાબત છે. પૃથ્વી ઉપરના નિર્જીવ પદાર્થ જો જીવન પ્રદાન કરી શકતા નથી, તો પછી ખરતા તારા કે ઉલ્કા જે પૃથ્વી જેવા જ

મટી જતું નથી, અને તે વ્યક્તિને ફરીથી જીવન આપી શકાતું નથી. ફક્ત પરમેશ્વર જ મને માફી આપી શકે, અને મૃત્યુ પામેલ વ્યક્તિને તેના અચાનક મરણથી જે ખોટ પડી, તે બીજી દુનિયામાં ભરપાઈ કરવાની તક આપે. આ રીતે ખૂની અને ખૂન થનાર વ્યક્તિ બન્ને મુક્તિ પામી શકે.

(૨) ફક્ત પરમેશ્વર યોગ્ય શિક્ષા કરી શકે યા માફી આપી શકે છે, કારણ કે તે એકલો જ મનુષ્યની આંતરિક જરૂરિયાતો અને સ્થિતિ સમજે છે. તે જાણે છે કે, તેને શિક્ષા કરવાથી કે માફી આપવાથી શું પરિણામ આવશે. મનુષ્ય જ્યારે શિક્ષા કરે છે, ત્યારે શિક્ષા કરવાનો હેતુ મોટા ભાગે પાર પડતો નથી, કારણ કે મનુષ્ય અપરાધીની આંતરિક જરૂરિયાતો અને સ્થિતિ સમજતું નથી. કેટલાક કિસ્સાઓમાં શિક્ષા લાભ કરતાં નુકસાન વધારે છે, ત્યારે માફી જાણે કે જાદુઈ રીતે તેઓનું બદલાણ કરે છે. બીજા મામલાઓમાં ક્ષમા વધારે અપરાધો કરવાનું સાધન બની જાય છે. આવા મનુષ્યોને સુધારવા માટે શિક્ષા જરૂરી છે. પરમેશ્વર જ ફક્ત મનુષ્યોની પ્રકૃતિથી પરિચિત છે અને તેઓની જરૂરિયાતો પ્રમાણે તેમને પાપનાં કારણો અને પરિણામોથી બચાવે છે.

(૩) આત્માનો હેતુ વાસ્તવિક અને કાયમી શાંતિ મેળવવાનો છે. ખોટે રસ્તે એટલે કે પાપ દ્વારા આ હેતુ પાર પાડવાનો પ્રયત્ન વિનાશ લાવે છે; કારણ કે તે આત્માની સ્થાયી અને વાસ્તવિક આનંદ પ્રાપ્ત કરવાની ક્ષમતાનો નાશ કરે છે. આ ક્ષમતાનો દુરુપયોગ અને ઉપેક્ષાનું પરિણામ વિનાશ છે; કારણ કે ઈશ્વરે તેના પ્રેમને કારણે આપણામાં આવો આનંદ પ્રાપ્ત કરવાની શક્તિ અને ચેતના ઉત્પન્ન કરી છે, અને તે આશા રાખે છે કે, તેની સાથેની સંગત દ્વારા આપણે અનંત સુખ ભોગવી શકીએ. આ જ મુક્તિ યા તારણ છે.

(૪) ગર્વ પાપ છે, કારણ કે ગર્વિષ્ઠ મનુષ્ય પોતે ખરેખર છે

તે કરતાં પોતાને શ્રેષ્ઠ સમજે છે. આમ કરવાથી, તે ઈશ્વરની કૃપા ગુમાવે છે, અને પાપમાં પડીને પોતાના આત્માનો નાશ કરે છે. જૂઠું બોલવું પાપ છે, કારણ કે તે સત્ય વિરુદ્ધ ઉચ્ચારવામાં આવે છે. વારંવાર જૂઠું બોલવાનું એ પરિણામ આવે છે કે, તે સ્વયં પોતાના સંબંધમાં પણ જૂઠું બોલવા લાગે છે. પોતાની આંતરિક અને બાહ્ય ઇન્દ્રિયો ઉપર તેનો વિશ્વાસ ખૂટી જાય છે, અને તેને હંમેશાં સત્ય ઉપર વહેમ જાય છે. છેવટે, તે ઈશ્વરની કૃપા અને પ્રેમની આશંકા કરે છે, અને આત્મિક જીવન અને ઈશ્વરના ઉત્તમ આશીર્વાદ ગુમાવે છે. લોભિયાપણું પાપ છે, કારણ કે લોભી મનુષ્ય સરજનહારને તરછોડીને સૃજેલી વસ્તુઓમાંથી સંતોષ શોધે છે. વ્યભિચાર પાપ છે, કારણ કે વ્યભિચારી કૌટુંબિક બંધનો તોડી નાંખે છે, અને જીવન તથા પવિત્રતાનો નાશ કરે છે. ચોરી પાપ છે, કારણ કે ચોર બીજાઓની મિલકત ઝૂંટવી લે છે. બીજાઓના નુકસાનમાં તે પોતાનો લાભ જુએ છે. આથી આવાં અને અન્ય પાપોનો આપણે પસ્તાવો કરીને, તારણ પામીએ જેથી આકાશના સંતો અને દૂતોની માફક આ પૃથ્વી ઉપર પણ આપણા જીવનમાં ઈશ્વરની ઇચ્છા પૂરી થાય.

(૫) વૈજ્ઞાનિકો અને તત્ત્વજ્ઞાનીઓ ઉત્ક્રાંતિમાં વિશ્વાસ રાખે છે, અને "યોગ્યતાનું અતિજીવન" એ કુદરતનો નિયમ છે એમ માને છે. પરંતુ એથી વિશેષ મોટું પ્રમાણ અને વાસ્તવિકતા આ છે કે, દૈવી શક્તિ દ્વારા લાખો મનુષ્યોનાં જીવનોનું બદલાણ થયું છે, અને દૈવી નિયમ તો છે "અયોગ્યતા (પાપીઓ)નું અતિજીવન." શરાબી, વ્યભિચારી, ખૂની, ચોર–લૂંટારાઓને પાપ અને દુઃખના ઊંડાણમાંથી બહાર ઊંચકીને આનંદ અને શાંતિનું નવું જીવન પમાડવામાં આવ્યું છે. પ્રભુ ઈસુ દ્વારા મળતું આ જ તારણ છે; કારણ કે તે પાપીઓને તારવા આ જગતમાં આવ્યો. (૧ તિમોથી ૧ : ૧૫).

## ૧૯. મૂળ પાપ

(૧) શક્ય છે કે, માબાપનો રોગ બાળકોને વારસાગત મળે. પરંતુ જો માબાપ હાથ, પગ કે આંખ ગુમાવે છે, તો બાળકો ઠૂંઠાં,

લંગડાં કે આંધળાં જન્મતાં નથી. આ જ બાબત મૂળ પાપ વિષે છે. માબાપોની તમામ સારી કે બૂરી ટેવો બાળકોને વારસામાં મળતી નથી. બાળકોનું ચારિત્ર મોટા ભાગે તેમણે જાણીબૂજીને કરેલ કાર્યનું પરિણામ છે. જો તેઓને માબાપોના તમામ ગુણ વારસામાં મળતા હોય, તો તેઓને તેમના કામ માટે દોષિત ગણી શકાય નહિ. ચારિત્ર અને કૌશલ્ય બહુ જ નાની માત્રામાં વારસામાં મળે છે. તેનો વિકાસ અને પરિપકવતા અધિકાંશ તેમનાં પોતાનાં કાર્યો ઉપર આધારિત છે.

(૨) કોઈ વસ્તુ પ્રકાશ સામે આવે, તો તેનો પડછાયો પડે છે, કે અંધારું ફેલાવે છે. સૂર્ય ને ચંદ્રની વચમાં પૃથ્વી આવવાથી ચંદ્રગ્રહણ થાય છે, જ્યારે બીજી વસ્તુના પડછાયા આપણી ઉપર પડે છે ત્યારે આપણે તે માટે જવાબદાર નથી. કારણ કે આપણે કારણે નહિ, પરંતુ બહારનો પદાર્થ જે પડછાયો ફેંકે તેથી આ બને છે. આ પડછાયાના ક્ષેત્રમાં આપણે હોવાથી આપણને તેની અસર પહોંચે છે, પરંતુ તેને માટે આપણે જવાબદાર નથી. પરંતુ આપણાં હૃદયોમાં જે ભૂંડા વિચારો વાદળની માફક આકાશમાં તરીને અંધકાર ફેલાવે છે તે માટે આપણે જવાબદાર છીએ.

(૩) પાપ અને તેનું પરિણામ, જે ખતરનાક હોય છે, તે બાહ્ય નથી. કેવળ ઈશ્વર અને આ લોકો જેઓને તે અનંતકાળનું જીવન બક્ષે છે, તે સિવાય બીજી કોઈ ચીજ બાહ્ય નથી. ઈશ્વરને છોડીને જો કોઈ બીજી તાકાત સ્વયં અસ્તિત્વ ધરાવે, તો તેનામાં ઈશ્વરી ગુણો હોવા જોઈએ. આ બનવું અસંભવિત છે, કારણ કે પરમેશ્વર સિવાય કોઈ સર્વશક્તિમાન નથી.

પરમેશ્વરનું અસ્તિત્વ એક એવા આદર્શ નિયમની ગેરંટી છે જે કાયમ માટે સુરક્ષિત રહેશે. તેની પ્રકૃતિથી વિરોધી એવું કોઈ તત્ત્વ અર્થાત્ દુષ્ટતા તેની હાજરીમાં કાયમ માટે ટકી શકતાં નથી. આ કારણથી સમસ્ત સૃષ્ટિ જે દુષ્ટતાની આધીનતાને કારણે કણસી રહી છે, તે નાશના દાસત્વમાંથી મુક્ત થઈને દેવનાં છોકરાંના મહિમા સાથે રહેલી મુક્તિ પામે. (રૂમી. ૮ : ૨૦-૨૨).

## ૨૦. વેદાન્ત અને સર્વેશ્વરવાદ

(૧) વેદાન્ત પ્રમાણે પરમેશ્વર (બ્રહ્મ) એક માત્ર વાસ્તવિક છે, બાકીનું બધું ભ્રમ છે. મનુષ્યનો આત્મા ઈશ્વરના આત્મા જેવો જ છે, પરંતુ અજ્ઞાનતાને કારણે તે જુદો દેખાય છે. જો આ બીના સત્ય હોય તો તેનો અર્થ એ થાય છે કે, ઈશ્વર પોતે પણ ભ્રમને આધીન છે. આ વ્યવસ્થા પ્રમાણે તે પરમેશ્વર હોઈ શકે નહિ. ઈશ્વર તો તમામ ભ્રમથી મુક્ત અને સર્વજ્ઞાની છે. વેદાન્તીઓ આ પણ સ્વીકારે છે કે, સમાધિની અવસ્થામાં ભક્ત પોતાના જ્ઞાન વડે માયામાંથી છુટકારો મેળવે છે. જો તમામ બાબત ભ્રમ હોય તો, આપણે કેવી રીતે જાણી શકીએ કે, સમાધિમાં લીન થયેલો ભક્ત અને સમાધિ દ્વારા તેણે મેળવેલ જ્ઞાન પણ ભ્રમ નથી?

(૨) જો આપણે વેદાન્તના સત્યનો સ્વીકાર કરી લઈએ, તો આપણે આ બાબતનો પણ સ્વીકાર કરવો પડશે કે, મનુષ્ય ઈશ્વર સરખો હોવાથી, ઈશ્વર પણ ઉત્ક્રાંતિવાદ જ છે, અને તે પણ માયા દ્વારા સંપૂર્ણતા મેળવવા ઇચ્છુક છે. માયા જો આ બધું પરમેશ્વર માટે કરતી નથી, તો વેદાન્તીઓએ બતાવવું પડશે કે, માયાનું પ્રથમ મૂલ્ય અને હેતુ શું છે, જેને કારણે આપણે માયામાં લપેટાઈ ગયેલાં છીએ. ખરી રીતે પરમેશ્વર બધામાં છે અને દરેક બાબત ઈશ્વરમાં છે; પરંતુ ઈશ્વર બધું જ નથી અને બધું જ ઈશ્વર નથી. જેઓ સરજનહારને તેના કરેલા સર્જન સાથે ગૂંચવી નાંખે છે, તેઓ બધાં અજ્ઞાનતામાં ડૂબેલાં છે.

## ૨૧. પ્રભુ ઈસુ આપણો આશ્રય

(૧) એક મધમાખી મધ ભેગું કરવા ફૂલ પાસે જાય છે. કેટલીક વાર જ્યારે તે આ આનંદિત કાર્યમાં લીન થઈ જાય છે, ત્યારે કરોળિયો તેને ડંખ મારે છે. આ ડંખથી તે બેભાન જેવી બની જાય છે. આ જ પ્રમાણે શેતાન, કેવળ દુષ્ટ સ્થાનો ઉપર જ આપણી ઉપર આક્રમણ નથી કરતો, પરંતુ જ્યારે આપણે સારું, ઉપયોગી અને આનંદદાયક કાર્ય કરીએ છીએ, ત્યારે પણ હુમલો કરે છે. જો

આપણું જીવન પ્રાર્થનાવાદી નથી હોતું, તો શેતાનથી પરાજિત થવાની બીક રહે છે.

(૨) પાપને કારણે અંતઃકરણ જડ બની જાય છે, અને ઇચ્છાશક્તિ દુર્બળ અને શક્તિહીન બને છે. આવી સ્થિતિમાં મનુષ્યો જ્યારે પોતાની સામે ભય અને મોત જુએ છે, ત્યારે તેઓ તેમાંથી છટકી શકતાં નથી, અને દૃઢ ઇચ્છા હોવા છતાં છૂટી શકતાં નથી. એકવાર શિયાળાની ભયંકર ઠંડીમાં એક શિકારી પક્ષી, નાયગ્રા ધોધ તરફ વહેતા પાણીના પ્રવાહમાં તરતાં એક શબ ઉપર બેઠું હતું. તે માંસ કોચી ખાવામાં તલ્લીન હતું. જ્યારે આ પક્ષી નાયગ્રા ધોધની છેક નજદીક આવ્યું, ત્યારે તે શબ છોડીને ઊડી જવા માંગતું હતું, પરંતુ તેના પંજા ઠંડીને કારણે એવા થીજીને ચોંટી ગયા હતા કે, તે ઊડી શક્યું નહી, અને ધસમસતા ધોધમાં પછડાઈને, કમનસીબ મૃત્યુને ભેટયું.

(૩) દુશ્મનના તમામ ભય અને આક્રમણોથી બચવા આપણે ઈશ્વરની સંગતમાં જીવતાં તેના જેવાં બનવું જોઈએ. બરફ આચ્છાદિત પ્રદેશોમાં કુદરત, પ્રાણીઓ, પક્ષીઓને સફેદ પોશાક પહેરાવે છે જેથી તેઓ આજુબાજુના વાતાવરણ સાથે એકરૂપ બનીને હુમલાથી બચી જઈ શકે. જ્યાં વાતાવરણ જુદું હોય છે, ત્યાં તેઓનો રંગ પણ જુદો હોય છે. કાચીંડો અને એક પ્રકારની માછલી પોતાનો રંગ ક્ષણમાત્રમાં બદલી શકે છે, અને ચારેબાજુના વાતાવરણ જેવો રંગ ગ્રહણ કરીને હુમલાથી બચી શકે છે. આંધળી માછલી આ પ્રમાણે કરી શકતી નથી, કારણ કે તે ચારેબાજુનો રંગ જોઈ શકતી નથી. આ જ પ્રમાણે આત્મિક દર્શનની પણ ઘણી જ અગત્ય છે, જેથી ઈશ્વર તરફ સતત દૃષ્ટિ રાખવાથી અને તેને અનુસરવાથી આપણે તેના જેવાં બની શકીએ, અને શેતાનના તમામ હુમલાઓથી બચીને તેનામાં હંમેશને માટે સલામત જીવન જીવી શકીએ.

## ૨૨. શત્રુઓ : નાના-મોટા

(૧) મનુષ્યના પ્રાણઘાતક શત્રુઓ કેવળ વાઘ, વરુ કે સાપ જેવાં પ્રાણીઓ નથી, પરંતુ સૂક્ષ્મ કીટાણુઓ છે, જે કેવળ સૂક્ષ્મદર્શક

યંત્ર મારફતે જ જોઈ શકાય છે, અને જે ખોરાક, પાણી કે હવા મારફતે આપણા શરીરમાં દાખલ થાય છે. આ કીટાણુઓ વધુ ખતરનાક હોય છે અને જીવલેણ રોગ ઉત્પન્ન કરે છે. આ જ રીતે ફક્ત મોટાં પાપ જ આપણા આત્માનાં વિનાશક છે, એટલું નહિ, પરંતુ ગુપ્ત દુષ્ટ વિચારો જે નાનાં-મોટાં પાપનાં કીટાણુરૂપ છે તે વધુ પ્રાણઘાતક છે. આ કીટાણુઓને આપણા મનમાંથી કાઢવા આપણે શરૂઆતથી જ પ્રયત્ન કરવો જોઈએ, જેથી આપણે અને બીજાઓ તેનાં ઘાતક પરિણામોથી સુરક્ષિત રહી શકીએ.

(૨) આપણા શરીરમાં જેમ તંદુરસ્તી માટેનાં જીવાણુ છે તે જ પ્રમાણે રોગનાં પણ છે. રોગનાં જીવાણુ જો કોઈ સંજોગોમાં વધી જાય અને તંદુરસ્તીનાં જીવાણુ ઉપર કાબૂ મેળવે, તો મનુષ્ય માંદું પડે છે, અને જો તેનો યોગ્ય ઉપચાર ન થાય, તો તે મરી પણ જાય છે. પરંતુ જો સ્વાસ્થ્યનાં જીવાણુ વધારે બળવાન હોય, તો તેઓ રોગનાં જીવાણુઓનો સામનો કરીને તેમનો નાશ કરે છે, અને મનુષ્ય સંપૂર્ણ તંદુરસ્તી ભોગવે છે. આ રીતે આપણા સારા વિચારો આપણા ભૂંડા વિચારોને દબાવી દે છે, અને આપણને પાપની અસરોથી મુક્ત, સંપૂર્ણ તંદુરસ્ત જીવન ભોગવવા સહાય કરે છે. પવિત્ર આત્મા જે તમામ ભલાઈ, આનંદ અને સંપૂર્ણ જીવનનું મૂળ છે, તેની મદદ વગર આ જીત આપણે પામી શકતા નથી.

(૩) કેટલાંક મનુષ્યોમાં દુષ્ટ વિચારો એટલા પ્રબળ બને છે કે. તેઓ તમામ આશા ખોઈ બેસે છે, અને નિરાશામાં આત્મહત્યા પણ કરી બેસે છે. આ પ્રમાણે વર્તવાને બદલે તેઓએ દુષ્ટ વિચારોને મારી નાંખવા જોઈએ, જે તેમની આશાઓ મારી નાંખે છે, અને તેમની જીત માટેની શક્તિ હરી લે છે. પોતાના જીવનનો ઝેર યા ખતરનાક હથિયારથી અંત લાવવાને બદલે, આપણે પ્રાર્થના જેવાં આત્મિક હથિયારોનો દુષ્ટતાને જડમૂળથી કાઢવા ઉપયોગ કરવો જોઈએ. આ રીતે આપણે પોતાની જાતને મારી નાંખતા નથી, પરંતુ બચાવીએ છીએ, અને આમ કરીને બીજાઓને પણ બચાવવા મદદરૂપ બનીએ છીએ.

(૪) સ્વાર્થ પણ એક પ્રકારની હત્યા છે, કારણ કે પરમેશ્વરે આપણને કેટલીક એવી યોગ્યતાઓ અને ગુણ આપ્યાં છે, જેનો આપણે બીજાના લાભમાં ઉપયોગ કરી શકીએ. બીજાઓની મદદમાં આપણને એક અનેરો આનંદ પ્રાપ્ત થાય છે, અને આપણે પોતાની જાતની સહાયતા પણ કરીએ છીએ. આ આપણા આંતરિક જીવનનો નિયમ છે. જો આપણે બીજાઓની સહાયતા કરતા નથી, તો આપણે તે આંતરિક આનંદ ગુમાવીએ છીએ. પોતાના પાડોશીઓ ઉપર પોતાના જેવો જ પ્રેમ ન કરીએ, તો આપણે ઈશ્વરની આજ્ઞા તોડીએ છીએ. આવું અનાજ્ઞાંકિતપણું આપણા આત્માને ખોરાકસમ આનંદથી વંચિત રાખે છે. આવા ભૂખમરાથી આપણે આપણી જાતને મારી નાંખીએ છીએ. એક સ્વાર્થી મનુષ્ય એમ માને છે કે, તે પોતાના લાભ અર્થે કામ કરે છે, પરંતુ અજાણતાં તે પોતાની જાતને ભારે નુકસાન પહોંચાડે છે. જો દરેક સ્ત્રી કે પુરુષ સ્વાર્થીપણું તજી દેવાનો દૃઢ સંકલ્પ કરે, તો દુનિયાની તમામ લડાઈ–ઝઘડાનો અંત આવે, અને પૃથ્વી ઉપર સ્વર્ગ ઊતરે. બધાં પાપનું મૂળ સ્વાર્થ છે. આથી જ આપણા તારનારે પોતાનો નકાર કરીને તેની પાછળ ચાલવાનું ફરમાન કર્યું છે. (લુક ૯ : ૨૩).

(૫) જો આપણે હંમેશાં બીજાઓની ટીકા કરી તેમને દોષિત ઠરાવીએ, તો આપણે તેમને અને પોતાની જાતને મોટું નુકસાન પહોંચાડીએ છીએ, પરંતુ જો આપણે પોતાની પ્રશંસા તજી દઈને પોતાની ટીકા કરીએ, તો આવું વર્તન આપણને સુધારશે, તેમ જ બીજાઓ તરફ પ્રેમ અને સહાનુભૂતિપૂર્વક વર્તતાં શીખવશે. આ રીતે આપણને પોતાને અને બીજાઓને લાભ થશે, અને જ્યાં ખરા પ્રેમનું રાજ્ય છે, એવા વચનના પ્રદેશનો વારસો પમાડશે.

## ૨૩. 'પૃથ્વી ઉપર પરદેશી અને પ્રવાસી'

(૧) એક ફિલસૂફે પૂર્ણ વિશ્રામ અને શાંતિનું સ્થળ શોધવા આખી પૃથ્વીનો પ્રવાસ કર્યો; પરંતુ સર્વત્ર તેને પાપ અને દુઃખ, પીડા અને મૃત્યુ જોવા મળ્યાં. આ પ્રવાસમાંથી મળેલ જ્ઞાન અને

અનુભવથી તે એવા નિર્ણય ઉપર પહોંચ્યો કે, આ પૃથ્વી આપણું સ્થાયી અને વાસ્તવિક ઘર નથી; પરંતુ સ્થાયી ઘર જે પ્રાપ્ત કરવાની આપણા આત્માની તીવ્ર ઇચ્છા હોય છે, તે કોઈ અન્ય સ્થળે છે, અને ત્યાં જ આત્માને સંપૂર્ણ શાંતિ મળી શકશે.

(૨) એક વખતે મેકિસકોના અખાત પાસેથી એક પક્ષીને પકડીને આઠસો પચાસ માઈલ દૂર આવેલ એક સ્થળે મોકલી આપવામાં આવ્યું. તેને બંધ પીંજરામાં પૂરવામાં આવ્યું હતું, જેથી તેને કયા રસ્તે લઈ જવામાં આવે છે, તેથી તે અજાણ હતું. પરંતુ જ્યારે તે પક્ષી મોટું થયું, ત્યારે તે કોઈપણ જાતની મદદ કે દોરવણી વગર તે જે સ્થળેથી લઈ જવાયું હતું, ત્યાં જ પાછું ફર્યું. તેનામાં રહેલ સહજ પ્રેરણાએ આ કર્યું. આ જ રીતે મનુષ્ય જેનું અંતઃકરણ ઈશ્વરની કૃપાથી જીવંત છે આ ફાની દુનિયા તજી દે છે, અને પવિત્ર આત્માની સહાય અને દોરવણીથી સ્વર્ગમાં પહોંચે છે, જે તેનું સ્થાયી ઘર છે, અને જેને માટે તેનું સર્જન થયું છે.

(૩) એક નિસર્ગ-વૈજ્ઞાનિક બુલબુલનાં ઈંડાં એક ઠંડા મુલકમાં લઈ ગયો, અને ધાર્યું કે, ઈંડાંમાંથી પેદા થયેલ બચ્ચાં એ જ મુલકને પોતાના વતન તરીકે સ્વીકારીને ત્યાં જ વસવાટ કરશે. પરંતુ જ્યારે બચ્ચાં પેદા થયાં ત્યારે ગ્રીષ્મ ઋતુ પૂરી થયા બાદ તેઓ પોતાના અસલ વતનમાં ઊડી ગયાં, અને કદી પાછાં ફર્યાં નહિ. આ જ પ્રકારે જો કે આપણે આ પૃથ્વી ઉપર જન્મ લીધો છે, છતાં આપણે આ પૃથ્વી માટે નથી. આ દેહ છોડવાનો જ્યારે સમય આવશે, ત્યારે આપણે આપણા સનાતન ઘર તરફ ચાલી જઈશું.

(૪) મનુષ્ય મરણ પામે ત્યારે તેનો આત્મા મરતો નથી, તેમ જ કોઈ દૂરના સ્થાને ચાલી જતો નથી; પરંતુ મૃત્યુ દ્વારા તે એક નવું જીવન નવા રૂપમાં ગ્રહણ કરે છે. જે રીતે એક બાળક પોતાની માતાના ગર્ભસ્થાનમાંથી બહાર નીકળી, એક નવા રૂપમાં, નવું જીવન પામે છે, પરંતુ જે સ્થળ કે પૃથ્વીમાં તે જીવે છે તે જ સ્થિતિમાં રહે છે. આત્મા પણ શરીરરૂપી ખોળિયામાંથી બહાર નીકળી એક વધુ

ઉત્તમ આત્મિક રૂપમાં પ્રવેશે છે. જો કે જે પૃથ્વી ઉપર તે રહે છે તે બદલાતી નથી. માતાના ગર્ભસ્થાનમાં રહેલું બાળક અને શરીરમાં રહેલ આત્મા પોતાના ભવિષ્ય વિષે અજ્ઞાન હોય છે, કારણ કે ભવિષ્ય તેમની દૃષ્ટિથી છુપાયેલું છે. ગર્ભસ્થાનમાંથી બહાર આવ્યા પછી, બાળક જે ગર્ભસ્થાનમાંથી તે બહાર આવ્યું તે જોઈ શકતું નથી. શરીરનો ત્યાગ કર્યા પછી આત્મા અમુક વિશેષ પરિસ્થિતિમાં બાદ કરતાં જે ભૌતિક સૃષ્ટિમાંથી તે બહાર આવ્યો તે જોઈ શકતો નથી, કારણ કે તે સદા આત્મિક દુનિયામાં વસે છે. કારણ કે ભૌતિક સૃષ્ટિ, આત્મિક સૃષ્ટિનું ઊતરતી કક્ષાનું પ્રગટ રૂપ છે. બાળકની નાળ કાપવાથી તે માતાના ગર્ભસ્થાનથી છૂટું પડે છે, તે જ રીતે રૂપેરી દોરી તૂટી જવાથી આત્મા શરીરથી છૂટો પડશે. (સભાશિક્ષક ૧૨ : ૬). બાળક માટે માતાનું ગર્ભસ્થાન, અને આત્મા માટે શરીર, તેમને માટે ભવિષ્યની તૈયારીરૂપ જગ્યા છે. શરીરમાંથી આત્મા ઈશ્વરની હજૂરમાં ચાલ્યો જાય છે, જ્યાં તે પોતાનું વાસ્તવિક અંતિમ સ્થાન અને પૂર્ણતા પ્રાપ્ત કરે છે.

## ૨૪. વિશ્વાસ અને શુદ્ધતા

(૧) કોઈ કાર્ય, ચાહે આત્મિક હો, યા સાંસારિક; પણ તે વિશ્વાસ વગર થઈ શકતું નથી. જો આપણે એકબીજા ઉપર વિશ્વાસ ન રાખીએ, તો પૃથ્વી ઉપર જીવવું અસંભવિત છે. જ્યારે વિશ્વાસ ઉપર દરેક બાબત આધારિત છે, ત્યારે જેણે આપણામાં આ વિશ્વાસની શક્તિ ઉત્પન્ન કરી છે, તેવા ઈશ્વર ઉપર આપણે વિશ્વાસ ન મૂકીએ, તે કેટલું શરમજનક છે! અલબત્ત, જો આપણું જ્ઞાન અનંત હોત, તો વિશ્વાસની આવશ્યકતા ન રહેત; પરંતુ જ્યારે આપણું જ્ઞાન આટલું બધું મર્યાદિત છે કે જાણે કંઈ જ નથી, ત્યારે આ પૃથ્વી ઉપર આપણને હંમેશાં વિશ્વાસની જરૂર પડે છે. ખરેખર, આપણને બીજી દુનિયામાં પણ વિશ્વાસ જોઈશે, કારણ કે ત્યારે પણ આપણો વિશ્વાસ અનંત નહિ હોય.

વિશ્વાસ, પ્રેમની માફક, આત્માનો અંકુર છે જે ઈશ્વરને વળગી રહે છે, શાખાઓ અને પાંદડાં ફેલાવે છે, અને પુષ્કળ આત્મિક ફળો ઉપજાવે છે.

(૨) વિશ્વાસ દ્વારા આપણે પવિત્ર આત્માના અગ્નિનું બાપ્તિસ્મા પામીએ છીએ, જે સિવાય પાણીનું બાપ્તિસ્મા શુદ્ધતા અને તારણ માટે પૂરતું નથી. સોનું અને ચાંદી બહારથી જ પાણીથી સાફ થઈ શકે છે, કારણ કે તેઓની સફાઈ માટે પાણી તેમાં પ્રવેશ કરી શકતું નથી. અંદરની સફાઈ અને શુદ્ધતા માટે અગ્નિની જરૂર પડે છે. આત્માની સંપૂર્ણ શુદ્ધતા માટે પવિત્ર આત્માના અગ્નિનું બાપ્તિસ્મા આવશ્યક છે.

## ૨૫. પ્રભુ ઈસુનું પ્રકટીકરણ

(૧) આપણે જિંદગીભર પ્રભુ ઈસુની પાછળ ચાલીએ, પરંતુ પવિત્ર આત્માની પ્રાપ્તિ વગર, આપણે પ્રભુ ઈસુની મહાનતા અને તેનું દૈવીપણું સમજી શકતા નથી. શિષ્યોના અનુભવ ઉપરથી આ વાત સિદ્ધ થાય છે. પ્રભુ ઈસુએ એક નીચા કાર્યમાંથી ઉચ્ચ અને ઉમદા કાર્ય માટે તેઓને બોલાવ્યા. તેઓને માછલી પકડનારામાંથી માણસ પકડનાર બનાવ્યા. તેઓ ત્રણ વર્ષ તેની સાથે રહ્યા. આ સમય દરમ્યાન તેઓએ મનુષ્યોને તારણનો શુભ સંદેશો પ્રગટ કર્યો. પરંતુ જ્યારે પ્રભુ ઈસુને વધસ્તંભે જડવામાં આવ્યા, અને કબરમાં દાટવામાં આવ્યા, ત્યારે તેઓની આશાઓ પણ જાણે કે કબરમાં દટાઈ ગઈ. શિષ્યો પોતાના ગુજરાન માટે અગાઉ જે કામ કરતા હતા, તે કરવા તેઓ પાછા ગયા. પરંતુ જે ઈસુને તેઓ મરેલો માનતા હતા, તે ફરીથી સજીવન થયો, અને કેટલાક પ્રસંગોએ તેઓને પણ દર્શન આપ્યું. એક વાર જ્યારે ગાલીલના સમુદ્ર કાંઠે તેણે શિષ્યોને દર્શન આપ્યું, ત્યારે પિતરે તેને પ્રભુ તરીકે ઓળખ્યો, અને તેને એટલી બધી શરમ લાગી કે, તે પોતાની જાતને છુપાવવા સમુદ્રમાં કૂદી પડ્યો. આ અંગે મુખ્યત્વે બે સંભવિત કારણો આપી

શકાય. પ્રથમ, આ કે પોતે પ્રભુ ઈસુના કરેલ નકાર પછી આ પ્રથમ વાર જ તેને જોતો હતો, અને પોતાના શબ્દો વિચારતાં તેને ગ્લાનિ થતી હતી કે, જરૂર પડશે તો હું મારું જીવન તારા માટે હોમી દઈશ, પરંતુ તારો નકાર નહિ કરું; છતાં મેં તેનો નકાર કર્યો. હવે હું કેવી રીતે તેની સમક્ષ ઊભો રહી શકું ? બીજું, સંભવિત કારણ આ હોઈ શકે : તેને વિચારતાં શરમ લાગતી હશે કે, જે મહાન ફરજ બજાવવા માટે આ જ જગ્યાએ ત્રણ વર્ષ અગાઉ શિષ્યોને, બીજા લોકોને પ્રભુ ઈસુ પાસે લાવવા માટે તેડવામાં આવ્યા હતા; અને ત્રણ વર્ષ બાદ તેઓ આ ઉમદા કાર્ય તજી દઈ, પોતાના જૂના કામમાં તે જ જગ્યાએ પરોવાયા હતા. જ્યારે પ્રભુ ઈસુનું પુનરુત્થાન થયું, ત્યારે તેઓની મૃત આશાઓ પણ સજીવન બની, અને વધુમાં જ્યારે તેઓને પવિત્ર આત્માનું ભરપૂરીપણું પ્રાપ્ત થયું, ત્યારે ફરીથી ઈસુના દેવત્વને ઓળખ્યું, અને સતાવણી અને શહીદીના ભોગે પણ પ્રભુના નામના ફેલાવાના કાર્ય માટે તેઓનું જે તેડું થયું હતું, તે જીવનના અંત સુધી ચાલુ રાખ્યું.

(૨) વર્તમાનકાળમાં ઘણા એવા ખ્રિસ્તીઓ છે કે, જેઓ પોતાના અંગત જીવનમાં પ્રભુ ઈસુની મહાનતા અને દૈવીપણાનો અનુભવ કર્યા સિવાય તેની પાછળ ચાલે છે. આથી તેઓ ભટકી ગયા છે, તેઓ માને છે કે, પ્રભુ ઈસુ મહાન અને સંપૂર્ણ માનવી હતો, જે સૈકાંઓ પહેલાં જીવ્યો અને મર્યો. પરંતુ જેઓ પસ્તાવો કરે છે, અને પ્રાર્થના કરે છે, તેઓને સંત પાઉલને કર્યું તેમ, તે પોતાની જાતને પોતાના તમામ મહિમા અને પરાક્રમમાં પ્રગટ કરે છે. તેઓ તેની સાથેની સંગત તાજી કરે છે, અને પવિત્ર આત્માની મદદથી જીવનના અંત સુધી વફાદારીથી તેની સેવા કરે છે.

## ૨૬. નમ્રતા

(૧) જો પ્રભુનો આત્મા આપણી સાથે વાત કરતો નથી, તો આપણે તેની માફક નમ્ર અને સાલસ બની શકતા નથી. "જે પોતે

દેવના રૂપમાં છતાં......દાસનું રૂપ ધારણ કર્યું." (ફિલિપી ૨ : ૬,૭).

આપણે કોણ છીએ, તે યાદ રાખીને આપણાં હૃદયોમાં મિથ્યાભિમાનને સ્થાન ન આપવું જોઈએ. અભિમાન આપણને સત્યથી દૂર લઈ જઈને, આપણો નાશ કરશે. બીજાઓ કરતાં આપણે વિશેષ પ્રગતિ કરી હોય, છતાં આ ન ભૂલવું જોઈએ કે, કોલસા અને હીરા બન્ને એક જ પદાર્થ – કાર્બનમાંથી ઉત્પન્ન થાય છે. જુદી જુદી પરિસ્થિતિઓને કારણે, તેઓએ જુદું રૂપ ગ્રહણ કર્યું છે. પરંતુ એક હીરો જે બહુ મૂલ્યવાન છે તે કોલસા માફક ભસ્મ થઈ શકે છે.

(૨) જ્યારે આપણે કોઈ શિખરને છેડે ઊભા રહીને નીચે દૃષ્ટિ કરીએ છીએ, ત્યારે જો કે ઊંડાઈ કેટલાક ફૂટની હોય છે, પણ આપણને ચક્કર ચઢે છે, અને બીક લાગે છે. પરંતુ જ્યારે આકાશ તરફ દૃષ્ટિ કરીએ છીએ, ત્યારે જો કે આપણી દૃષ્ટિ ઘણી ઊંચાઈ સુધી પહોંચે છે, છતાં આપણને બીક લાગતી નથી. આમ શા માટે? કારણ આ છે કે, આપણે ઉપર તરફ પડી શકતા નથી, જ્યારે નીચે ગબડી પડવામાં ટુકડેટુકડા થઈ જવાની બીક રહેલી છે. જ્યારે આપણે ઈશ્વર તરફ જોઈએ છીએ, ત્યારે આપણને એવી લાગણી પ્રદાન થાય છે કે, આપણે સલામત છીએ, અને કોઈ પ્રકારની દહેશત નથી. પરંતુ જો આપણે તેના તરફથી મુખ અવળું ફેરવીએ, તો આપણને વાસ્તવિકતામાંથી પડી જવાની અને ભાંગી જવાની બીક લાગે છે.

## ૨૭. સમય અને અનંતકાળ

(૧) વાસ્તવિક સમય, અથવા વાસ્તવિકતાથી સંબંધિત સમય અનંતકાળ છે. જે સમયને આપણે ઓળખીએ છીએ, તે વાસ્તવિક કાળની પસાર થતી છાયા છે. ઈશ્વર સમક્ષ ભૂત કે ભવિષ્યકાળ નથી. તેની નજરમાં બધું જ વર્તમાનકાળ છે. અનંતકાળનું જ્ઞાન હોવાથી તેની સમક્ષ ભૂત અને ભવિષ્ય હાજર હોય છે. આપણા માટે વર્તમાનકાળનું અસ્તિત્વ નથી, કારણ કે એ તો ફક્ત ભવિષ્યકાળનું

ભૂતકાળમાં પસાર થવું તે છે. પ્રત્યેક ક્ષણ ભવિષ્યકાળમાંથી નીકળી, અને આપણે કલ્પી ન શકીએ તેટલી ઝડપથી ભૂતકાળમાં સરી પડે છે. ભૂત અને ભવિષ્યકાળનું પણ આપણા માટે અસ્તિત્વ નથી, કારણ કે તે આપણી પકડની બહાર છે. આથી સમય આપણા માટે કોઈ વાસ્તવિક નથી.

આપણે જ્યારે નિદ્રામાંથી જાગીએ છીએ, ત્યારે આપણે કહી શકતા નથી કે, ઊંઘમાં કેટલો સમય પસાર થયો. જાગ્રત અવસ્થામાં પણ સમય અવાસ્તવિક છે. દુઃખ અને પીડામાં એક દિવસ, એક વર્ષ જેટલો લાંબો લ ગે છે. આનંદમાં એક વર્ષ, એક દિવસ જેટલું લાગે. આથી સમયમાં વાસ્તવિકતા નથી. વાસ્તવિકતા દરેક પ્રસંગે વાસ્તવિક છે. આપણને સમયની ચેતના નથી, કારણ કે વાસ્તવિકતા જે અનંત છે તેને માટે આપણને ઉત્પન્ન કરવામાં આવ્યાં છે.

(૨) વર્ષ, માસ, દિવસ અને કલાક, મિનિટ, સેકન્ડ, સમયની ઉત્પત્તિ બતાવે છે, અને તેનો સંબંધ ઘટનાઓ, પરિવર્તન અથવા અવકાશી પદાર્થો સાથે હોય છે. અવકાશમાંનો કોઈપણ પદાર્થ લો, જેનું પરિવર્તન સમય ઉત્પન્ન કરે છે. જ્યારે પરિવર્તન થઈ રહ્યું હોય, ત્યારે આપણે તેને વર્તમાનકાળ કહીએ છીએ, અને જ્યારે પરિવર્તન પૂરું થયું હોય, ત્યારે તે ભૂતકાળ બને છે, અને જ્યારે પરિવર્તન થવાનું હોય, ત્યારે તે ભવિષ્યકાળ છે. પદાર્થ બદલાઈ તેની સાથે સમય પણ ભૂત કે ભવિષ્યકાળમાં બદલાય છે. બીજી બાજુ, વાસ્તવિકતા પોતે બદલાતી નથી, એટલું જ નહિ, પરંતુ અનંતકાળ જેની સાથે તેને સંબંધ છે તેને પણ બદલતી નથી.

(૩) સમય બદલાઈને શૂન્યમાં વિલીન થઈ જાય, પરંતુ સમય દરમ્યાન આપણે જે કંઈ કર્યું છે, તે ભૂંસાશે નહિ; પરંતુ અનંતકાળમાં પ્રવેશશે.

'જગત તથા તેની લાલસા જતાં રહે છે; પણ જે દેવની ઇચ્છા પૂર્ણ કરે છે તે સદા રહે છે.' (૧ યોહાન ૨ : ૧૭). □

7BGV2

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ